RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 08-05-2026 | VOL : 12 | Issue : 52 | Page : 8 | Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN    Contact :- MO : 9662420070    E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

ઈચ્છાઓ પૂરી ના થાય તો ક્રોધ વધે છે... અને, ઈચ્છાઓ પૂરી થાય તો લોભ વધે છે...

3

“હટાવવું હોય તો હટાવી દો...” મમતાના કથિત નિવેદનથી વધ્યો રાજકીય તણાવ

4

આતંકવાદી બટાલિયનો દ્વારા પાકિસ્તાન યુદ્ધે ચડેલું છે

6

લગ્નના 10 વર્ષ બાદ માતા બનશે સંભાવના સેઠ

7

દારૂ પીને ગાડી ચલાવતા ઝડપાયો ઓસ્ટ્રેલિયન ક્રિકેટર વોર્નર

## ઓપરેશન સિંદૂર પર ત્રણેય સેનાઓએ કર્યો નવો ખુલાસો

# ભારતે 13 પાકિસ્તાની એરક્રાફ્ટ અને 11 બેઝ તબાહ કર્યા

## આતંકના નેટવર્કને નેસ્તનાબૂદ કરવા અમે અડગ: ઓપરેશન સિંદૂરની વર્ષગાંઠ પર PM મોદીનું નિવેદન

નવી દિલ્હી

ઓપરેશન સિંદૂરની પ્રથમ વર્ષગાંઠ પર ભારતીય સેનાએ કહ્યું કે ઓપરેશન સિંદૂરે સ્પષ્ટ સંદેશ આપ્યો કે પાકિસ્તાનમાં કોઈ પણ આતંકવાદી ઠેકાણું સુરક્ષિત નથી. સેનાએ એમ પણ કહ્યું કે આ અભિયાન અંત નહોતું, પરંતુ શરૂઆત હતી. ભારત આતંકવાદ સામે લડતું રહેશે. ગુરુવારે ભારતીય વાયુસેના, નૌકાદળ અને થલસેનાના સૈન્ય અભિયાનોના પ્રમુખો જયપુરના સાઉથ વેસ્ટર્ન કમાન્ડમાં એકઠા થયા. અહીં પ્રેસ કોન્ફરન્સ કરીને સૈન્ય અભિયાનના વિવિધ પાસાઓની માહિતી આપવામાં આવી. આ અભિયાનને પાકિસ્તાન પ્રાયોજિત સરહદ પાર આતંકવાદ સામે છેલ્લા ઘણા દાયકાઓમાં ભારતનું સૌથી વ્યાપક સૈન્ય અભિયાન ગણાવવામાં આવ્યું. પહેલગામ હુમલામાં માર્યા ગયેલા આપણા ભાઈ-બહેનોને આપણે પાછા લાવી શકતા નથી, પરંતુ એ સુનિશ્ચિત કરી શકીએ છીએ કે આવો હુમલો ફરીથી ન થાય. અમારો ઉદ્દેશ્ય સ્પષ્ટ હતો અને ઓપરેશન માટે સંપૂર્ણ છૂટ આપવામાં આવી હતી. બીજી તરફ, સાંજે 5 વાગ્યે ઓપરેશન સિંદૂર સંબંધિત ફિલ્મ પણ રિલીઝ કરવામાં આવશે. આ દરમિયાન રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ હાજર રહેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ત્રણેય સેનાના વડાઓ પણ પહોંચી ગયા છે.ગુરૂવારે બપોરે સાઉથ વેસ્ટર્ન કમાન્ડમાં સેનાની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ રહી છે. જેમાં લેફ્ટનન્ટ જનરલ ઝુબિન એ મિનવાલા, લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ, એર માર્શલ અવધેશ કુમાર અને વાઈસ એડમિરલ એ એન પ્રમોદ સહિત સેનાના અનેક અધિકારીઓ હાજર છે. ઝુબિન એ. મિનવાલા ઈન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ (ઓપરેશન્સ) ના ડેપ્યુટી ચીફ છે, રાજીવ ઘાઈ મિલિટરી ઓપરેશન્સ અને ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફના ડિરેક્ટર જનરલ છે, એર માર્શલ અવદેશ કુમાર એર ઓપરેશન્સ ના ડિરેક્ટર જનરલ છે, અને વાઈસ એડમિરલ એ.એન. પ્રમોદ નેવલ ઓપરેશન્સના ડિરેક્ટર જનરલ છે.




## વિભાગોની વહેંચણી પર મંથન, જેડીયુએ સ્વાસ્થ્ય વિભાગ માંગ્યો

# સમ્રાટ કેબિનેટ: નીતિશના પુત્ર સહિત 32 મંત્રી બન્યા, મોદી નીતિશ કુમારને હાથ પકડીને આગળ લાવ્યા

પટના

સમ્રાટ ચૌધરીના CM બન્યાના 22 દિવસ પછી આજે ગુરુવારે કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું. મેગા ઈવેન્ટમાં નીતિશના પુત્ર નિશાંત કુમાર સહિત 32 મંત્રીઓ સમ્રાટ કેબિનેટમાં સામેલ થયા. નવી કેબિનેટમાં ભાજપમાંથી 15, જેડીયુમાંથી 13, LJP(R) માંથી 2, HAM અને RLMમાંથી એક-એક મંત્રી છે.

એક સાથે 5-5 ધારાસભ્યોએ શપથ લીધા છે. પ્રથમ વારમાં નિશાંત કુમાર, શ્રવણ કુમાર, વિજય સિંહા, લેસી સિંહ અને દિલીપ જયસ્વાલે શપથ લીધા. નિશાંત કુમાર પ્રથમ વખત મંત્રી બન્યા છે. સમારોહમાં PM મોદી



પણ સામેલ થયા છે. તેમનો પટના એરપોર્ટથી ગાંધી મેદાન સુધી રોડ શો થયો. મંચ પર રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન અને જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમાર હાજર રહ્યા. કાર્યક્રમ પછી વડાપ્રધાને નીતિશ કુમારને પોતાની પાસે બોલાવ્યા. મંચ પર તેમની સાથે હાથ મિલાવ્યા. કાર્યક્રમની શરૂઆતમાં સીધું રાષ્ટ્રગાન વગાડવામાં આવ્યું, જ્યારે પ્રોટોકોલ મુજબ પહેલા રાષ્ટ્રગીત વંદે માતરમ વગાડવાનું હતું. JDU માંથી 3 નવા ચહેરા- નિશાંત કુમાર, બુલો મંડલ અને શ્વેતા ગુપ્તા. ભાજપમાંથી 5 નવા ચહેરા- મિથિલેશ તિવારી, રામચંદ્ર પાસવાન, અરુણ શંકર પ્રસાદ, નંદ કિશોર રામ અને એન્જિનિયર શૈલેન્દ્ર. સમ્રાટ સરકારનું જાતિગત સમીકરણ- EBC- 10, OBC-6, દલિત-7, સવર્ણ-9 અને મુસ્લિમ-1. સમ્રાટ કેબિનેટમાં 5 મહિલા મંત્રી, જેમાંથી સૌથી વધુ JDU માંથી 3 મંત્રી છે. ગાંધી મેદાનમાં 3 સ્ટેજ બનાવવામાં આવ્યા. ભાજપ કાર્યાલયની બહાર હરે રામ-હરે કૃષ્ણનું ભજન-કીર્તન. પટનામાં પોસ્ટર લાગ્યા- ભગવામય, અંગ, બંગ અને કલિંગ. PM મોદીના સ્વાગત માટે બનેલા મંચ પર સાંસ્કૃતિક કાર્યક્રમ.

# દિલ્હી-પટના ફ્લાઇટ ટર્બ્યુલન્સમાં ફસાઈ

## પટનામાં રાત્રે ભારે વરસાદ, ગરમીના કારણે જયપુરના રસ્તાઓ પર પાણીનો છંટકાવ

નવી દિલ્હી

ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભારતમાં વરસાદનો દોર ચાલુ છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશમાં બુધવારે વરસાદ થયો. જ્યારે બિહાર, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં કરા પણ પડ્યા. બિહારના પટનામાં બુધવારે રાત્રે ભારે વરસાદ થયો. આ દરમિયાન ઈન્ડિગોની એક ફ્લાઈટ ટર્બ્યુલન્સમાં ફસાઈ ગઈ, જેના કારણે મુસાફરોમાં ચીસાચીસ મચી ગઈ. જોકે, બાદમાં તેને લખનઉ ડાયવર્ટ કરવામાં આવી. તમામ મુસાફરો સુરક્ષિત છે. ઉત્તર પ્રદેશમાં તાપમાન 40C થી નીચે આવી ગયું છે. જોકે, આજે 44 જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે. બિહારમાં વીજળી પડવાથી બે લોકોના મોત થયા.

### આગામી 2 દિવસના હવામાનની સ્થિતિ

- 8 મે: આસામ, મેઘાલય અને અરુણાચલમાં વીજળી પડવા અને કેટલીક જગ્યાએ ભારે વરસાદનું એલર્ટ છે. યુપી, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં વીજળી પડવાનો ખતરો રહેશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને દક્ષિણ ભારતના ભાગોમાં તેજ પવન સાથે હળવો વરસાદ થઈ શકે છે.
- 9 મે: જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદ સાથે 30-50 કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. પંજાબ, હરિયાણા, દિલ્હી, યુપી અને રાજસ્થાનમાં ભારે વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે. બિહાર, ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં વરસાદ સાથે વીજળી પડવાનો ખતરો છે.

ગુજરાતનું રાજકોટ દેશમાં સૌથી ગરમ રહ્યું. અહીંનું તાપમાન 42.9C નોંધાયું. જ્યારે, મહારાષ્ટ્રના વાશિમમાં તાપમાન 42.6C રહ્યું. રાજસ્થાનના ફલોદીમાં 42.8C તાપમાન નોંધાયું. વાવાઝોડા-વરસાદ બાદ આજે ગરમી ફરી વધવા લાગી છે. બુધવારે રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનમાં 2 થી 3C સુધીનો વધારો થયો. ફલોદી અને જેસલમેરમાં પારો 42C થી વધુ રહ્યો. જયપુરમાં રસ્તાઓ પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો. હવામાન વિભાગ મુજબ ભરતપુર અને ધોલપુરમાં ભારે વરસાદ થઈ શકે છે.

### એક નજર...

**જાહ્નવી-શાહિદ પહેલીવાર સાથે કામ કરે તેવી શક્યતા**



શાહિદ કપૂર અને જાહ્નવી કપૂર એક રોમ કોમમાં સાથે કામ કરે તેવી શક્યતા છે. 'બધાઈ હો'ના ડિરેક્ટર અમિત શર્માએ તેમને એક ફિલ્મની ઓફર કરી છે. આ પ્રોજેક્ટ આગળ વધશે તો ફિલ્મી પડદે પહેલીવાર શાહિદ અને જાહ્નવીનુ કોલબરેશન જોવા મળશે. છેલ્લા કેટલાક સમયથી એક્શન ફિલ્મો કરી રહેલો શાહિદ લાંબા સમયથી એક હળવા સબ્જેકટની શોધમાં હતો.

### NEWS TRACK

#### સાઉદી અરેબિયાનો અમેરિકાને એરસ્પેસ આપવાનો ઇનકાર

અમેરિકાએ 4 મેના રોજ હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર શરૂ કરવા માટે 'પ્રોજેક્ટ ફ્રીડમ' શરૂ કર્યો હતો. જોકે, એક દિવસ પછી જ ટ્રમ્પે તેને રોકવાનો આદેશ આપ્યો. ત્યારે ટ્રમ્પે કહ્યું હતું કે પાકિસ્તાનના કહેવા પર તેમણે આ ઓપરેશન રોક્યું છે. જોકે, હવે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે સાઉદી અરેબિયાના કારણે અમેરિકાને આ પગલું ભરવું પડ્યું. એનબીસી ન્યૂઝ અનુસાર, સાઉદી અરેબિયાએ આ મિશનમાં સામેલ અમેરિકી વિમાનોને તેના એરસ્પેસ અને એરબેઝનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હતો. અમેરિકી અધિકારીઓને ટાંકીને રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પે અચાનક સોશિયલ મીડિયા પર આ ઓપરેશનની જાહેરાત કરી દીધી હતી. તેનાથી ખાડીના સહયોગી દેશો ચોંકી ગયા. સાઉદી નેતૃત્વ તેનાથી નારાજ થઈ ગયું. ટ્રમ્પે સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે વાતચીત પણ કરી, પરંતુ સહમતિ બની શકી નહીં. અમેરિકા 2 દિવસમાં માત્ર 3 જહાજ પાર કરાવી શક્યું અને આખરે ટ્રમ્પને આ ઓપરેશન રોકવું પડ્યું.

#### કેનેડા છોડીને અલગ દેશ બની શકે છે આલ્બર્ટા

કેનેડાના પશ્ચિમી પ્રાંત અલ્બર્ટાને અલગ દેશ બનાવવાની માંગ વધુ તેજ બની ગઈ છે. અલગતાવાદીઓએ બુધવારે દાવો કર્યો છે કે તેમણે એટલું સમર્થન મેળવી લીધું છે કે હવે સ્વતંત્રતા પર જનમત સંગ્રહ (રેફરન્ડમ) કરાવી શકાય છે. અલગતાવાદી નેતાઓ અનુસાર, તેમણે લગભગ 3 લાખ હસ્તાક્ષર ચૂંટણી અધિકારીઓને સોંપ્યા છે. જ્યારે આ માટે 1.78 લાખ હસ્તાક્ષરની જરૂર હતી. આંદોલનના નેતા મિચ સિલવેસ્ટ્રેએ તેને ઐતિહાસિક દિવસ ગણાવ્યો અને કહ્યું કે હવે આ લડાઈ આગલા તબક્કામાં પહોંચી ગઈ છે. જોકે, આટલો ટેકો એકત્ર કરી લેવાનો અર્થ એ નથી કે રેફરન્ડમ પાક્કો થઈ ગયો છે. ચૂંટણી પંચે પહેલા આ હસ્તાક્ષરોની તપાસ કરવી પડશે. આ પ્રક્રિયા પર હાલમાં કોર્ટના આદેશને કારણે રોક પણ લાગેલી છે. જો મતદાન અલ્બર્ટાની તરફેણમાં ગયું તો આ પ્રાંત કેનેડા છોડીને અલગ દેશ બની શકે છે. અલ જઝીરા અનુસાર, જો બધી કાનૂની અડચણો દૂર થઈ જાય છે તો પ્રાંતમાં 19 ઓક્ટોબરે પ્રસ્તાવિત મોટા જનમત સંગ્રહ સાથે અલગતા પર પણ મતદાન કરાવી શકાય છે.

# ધર્મની આડમાં રચાયું બ્લેકમેલિંગનું સૌથી મોટું ષડયંત્ર

## જૈન મુનિને ફસાવનાર 'ચંડાળ ચોકડી'ના સિન્ડિકેટનો પર્દાફાશ

અમદાવાદ

ઈડરથી એક એવી સનસનીખેજ સત્યતા સામે આવી છે, જેણે સમગ્ર જૈન સમાજને હચમચાવી દીધો છે. આ કહાની માત્ર એક આરોપની નથી, પરંતુ કરોડો રૂપિયા પડાવવા માટે સંતોની છબીને દાવ પર લગાવનારા એક સંગઠિત ટોળકીની છે. 'મહાનગર મેટ્રો ન્યૂઝ' આજે આ આખી 'ચંડાળ ચોકડી' અને તેમના ઘૃણાસ્પદ ખેલનો પર્દાફાશ કરી રહ્યું છે.

### કેવી રીતે વણાયું ષડયંત્રનું જાળ?

સમગ્ર મામલો ઈડરના જૈન મુનિ રાજતિલક સાગરજી મહારાજ સાથે જોડાયેલો છે. એક પૂર્વયોજિત અને સુનિયોજિત કાવતરા હેઠળ તેમને કથિત 'હનીટ્રેપ'માં ફસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને તેમની વિરુદ્ધ FIR દાખલ કરાવવામાં આવી હતી. શરૂઆતના તબક્કે આ સમાચારથી સમાજમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ષડયંત્રખોરોનો હેતુ સ્પષ્ટ હતો- દબાણ બનાવીને કરોડો રૂપિયાનું બ્લેકમેલિંગ કરવું. પરંતુ જ્યારે પોલીસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી, ત્યારે જૂઠના તમામ મહેલ પત્તાની માફક વિખેરાઈ ગયા.

માસ્ટરમાઈન્ડ અને પૈસાના ખેલનો પર્દાફાશ

તપાસ અને ન્યાયિક પ્રક્રિયામાં મુનિ રાજતિલક સાગરજી મહારાજ સંપૂર્ણપણે નિર્દોષ અને બેદાગ સાબિત થયા છે. પરંતુ આ કેસમાં સૌથી મોટો અને ચોંકાવનારો વળાંક ત્યારે આવ્યો જ્યારે ફરિયાદ કરનાર કિરણ હર્ષદભાઈ દોશી અને તેમની પત્નીએ પોતે જ એક એફિડેવિટ (સોગંદનામું) રજૂ કર્યું.

આ સોગંદનામામાં તેમણે સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે, આ આખું ષડયંત્ર માત્ર અને માત્ર આર્થિક લાભ (પૈસા પડાવવા) માટે રચવામાં આવ્યું હતું. સૂત્રો અને સામે આવેલા તથ્યો મુજબ, આ કોઈ નાની ઘટના નહોતી. આ આખા બ્લેકમેલિંગ રેકેટ અને કથિત 'ચંડાળ ચોકડી'ના માસ્ટરમાઈન્ડ જગત પારેખ, વિક્રમ સંઘવી, હાર્દિક હુડિયા અને વિક્રમ બાફના હોવાનું સામે આવી રહ્યું છે. આ ટોળકીએ જ જૈન સમાજને બદનામ કરવા અને તોડબાજી કરવા માટે આ માસ્ટર પ્લાન તૈયાર કર્યો હતો.

જૈન સમાજમાં ભારે આક્રોશ: કડક કાર્યવાહીની માંગ

સત્ય સામે આવ્યા બાદ જૈન સમાજના દરેક વર્ગમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. સમાજના અગ્રણીઓનું સ્પષ્ટ કહેવું છે કે, આ માત્ર એક સંત પર નહીં પરંતુ સમગ્ર ધર્મ અને તેની પ્રતિષ્ઠા પર કરવામાં આવેલો સીધો હુમલો છે. પ્રતિષ્ઠિત વ્યક્તિઓને ટાર્ગેટ કરતી આ કથિત ગેંગ સામે હવે નિષ્પક્ષ તપાસ અને દોષિતો પર કડકમાં કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ તેજ બની છે.

### મહાનગર મેટ્રોનો સ્ટેન્ડ

મહાનગર મેટ્રો ન્યૂઝ આ આખા સિન્ડિકેટ અને તેમના દ્વારા આચરવામાં આવેલા કાંડને જૈન સમાજ સામે ખુલ્લા પાડવા માટે કટિબદ્ધ છે. પોલીસ તપાસ અને ન્યાયતંત્રએ દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દીધું છે. ધર્મની આડમાં બ્લેકમેલિંગનો ધંધો ચલાવનારા આ ચહેરાઓની વાસ્તવિકતા હવે સૌની સામે છે. અમારો ઉદ્દેશ્ય તથ્યોને સામે લાવવાનો છે જેથી ભવિષ્યમાં કોઈ પણ ટોળકી આસ્થા અને વિશ્વાસ સાથે આ પ્રકારે રમત રમી ન શકે. સત્યનો વિજય થયો છે, પરંતુ ષડયંત્રખોરો સામેની અસલી લડાઈ હવે શરૂ થઈ છે.




## હોર્મુઝમાં ફસાયેલા જહાજો માટે ઈરાનની મોટી જાહેરાત, કહ્યું - 'દરિયાઇ, ટેક્નિકલ અને મેડિકલ સહાય આપીશું'




તહેરાન

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેનું યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થવાની શક્યતા વ્યક્ત કરી છે. ટ્રમ્પની આ જાહેરાત બાદ ઈરાને પણ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા કોમર્શિયલ જહાજોને તકનીકી અને મેડિકલ સહાય આપવાનું આશ્વાસન આપ્યું છે. શા માટે લેવાયો આ નિર્ણય? પાકિસ્તાન અને અન્ય દેશોની વિનંતી પર ટ્રમ્પે 'પ્રોજેક્ટ ફ્રીડમ'(દરિયાઈ નાકેબંધી)ને કામચલાઉ ધોરણે રોકવાનો નિર્ણય લીધો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, ઈરાન સાથે પરમાણુ પ્રોગ્રામ અને દરિયાઈ સુરક્ષા મુદ્દે સમજૂતી કરવા માટે અમેરિકા તૈયાર છે. ઈરાની સત્તાવાર ન્યૂઝ એજન્સી IRNA અનુસાર, હવે ઈરાન હોર્મુઝ વિસ્તારમાં જહાજોને ઈંધણ, ખોરાક અને સ્વાસ્થ્ય સેવાઓ જેવી સુવિધાઓ આપશે. ઈરાનના પોર્ટ્સ ઍન્ડ મેરીટાઈમ ઑર્ગેનાઈઝેશને તમામ જહાજોના કૅપ્ટનો માટે એડ્વાઈઝરી જાહેર કરી છે. જહાજો જરૂર પડ્યે ઈરાની બંદરોનો સંપર્ક કરી શકશે. દરિયાઈ સુરક્ષાનો આ સંદેશ આગામી ત્રણ દિવસ સુધી દિવસમાં ત્રણ વાર પ્રસારિત કરવામાં આવશે. કોઈપણ કટોકટીમાં ઈરાન હવે તબીબી સહાય અને સમારકામની સામગ્રી પૂરી પાડવા કટિબદ્ધ છે. શરૂ થઈ શકે છે નવી સમજૂતી ટ્રમ્પના જણાવ્યા અનુસાર, ઈરાન વિરુદ્ધના સૈન્ય અભિયાનમાં સફળતા મળ્યા બાદ હવે વાટાઘાટોનો સમય પાકી ગયો છે. જો બંને દેશો વચ્ચે સમજૂતી પર હસ્તાક્ષર થાય, તો મધ્ય-પૂર્વ(Middle East)માં મોટી અશાંતિ ટળી શકે છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# અમદાવાદ સાયબર ક્રાઈમનો 'વોન્ટેડ' છેતરપિંડીખોર આકીબ લાખેપોટા ઝડપાયો

ભાવનગર

વિશ્વાસઘાત, છેતરપિંડી અને બોગસ દસ્તાવેજો બનાવી પોલીસને હંફાવતા નાસતા-ફરતા ગુનેગારો સામે ભાવનગર પોલીસે લાલ આંખ કરી છે. અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ આરોપીને ભાવનગર પેરોલ ફ્લો સ્ક્વોડે ફિલ્મી ઢબે હલુરીયા ચોકમાંથી દબોચી લીધો છે. પેરોલ ફ્લો સ્ક્વોડના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે અમદાવાદમાં સાયબર ફ્રોડ અને ડોક્યુમેન્ટમાં છેડછાડ કરવાના ગુનામાં વોન્ટેડ આરોપી આકીબ જુસબભાઈ લાખેપોટા (રહે. ડુંગરપુર, તા. પાલીતાણા) હાલ ભાવનગર શહેરમાં છે. બાતમીના આધારે પોલીસે હલુરીયા ચોક પાસે વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ હાલતમાં ઉભેલા આકીબને ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે આરોપી આકીબ સામે અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) અને આઈ.ટી. એક્ટની વિવિધ ગંભીર કલમો હેઠળ ગુના નોંધાયેલા છે. તે લાંબા સમયથી ધરપકડ ટાળવા માટે નાસતો-ફરતો હતો, પરંતુ ભાવનગર પોલીસની સતર્કતાએ તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

પેરોલ ફ્લો સ્ક્વોડે આકીબ લાખેપોટાની અટકાયત કર્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરી તેને આગળની તપાસ માટે ગંગાજળીયા પોલીસ સ્ટેશનને સોંપી દીધો છે. હવે અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ તેનો ટ્રાન્સફર વોરંટના આધારે કબજો મેળવશે, જેથી આ છેતરપિંડીના નેટવર્કમાં અન્ય કેટલા લોકો સામેલ છે.

# SOGએ પોશીનામાં ડ્રોનથી ગાંજાનું વાવેતર ઝડપ્યું : 24 છોડ સાથે એક આરોપી પકડાયો

સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના અજાવાસ ગામેથી ગાંજાના વાવેતરનો પર્દાફાશ થયો છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા ડ્રોન કેમેરાની મદદથી આ ગેરકાયદેસર વાવેતર ઝડપી પાડવામાં આવ્યું હતું. પોલીસે 12,65,300ની કિંમતના 25.306 કિલોગ્રામ ગાંજાના 24 છોડ જપ્ત કરીને એક આરોપીની ધરપકડ કરી છે. SOG સ્ટાફ અને નાર્કોટિક્સ સેલ વોચ તપાસમાં હતા ત્યારે જયદીપકુમાર અને ભાવિનભાઈને સંયુક્ત બાતમી મળી હતી. આ બાતમી મુજબ, પોશીના પોલીસ સ્ટેશન વિસ્તારમાં અજાવાસ ગામના રાજેટા ફળામાં રહેતા હકમાભાઈ લખાભાઈ ગમાર તેમના ઘરની આગળના ખેતરમાં ગેરકાયદેસર ગાંજાનું વાવેતર કરી રહ્યા હતા અને છોડ કાપીને ખેતરમાં સૂકવી રહ્યા હતા.

સ્થળ પર સીધી તપાસ કરવી હિતાવહ ન હોવાથી, ડ્રોન મારફતે ખેતરનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. ડ્રોન સર્વે બાદ તાત્કાલિક સરકારી પંચોની રૂબરૂ હાજરીમાં ખેતરમાં તપાસ કરતા, 25.306 કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં 24 નંગ ગાંજાના છોડનો કટિંગ કરેલ ડાળી સાથેનો ઉપરનો ભાગ (વજન 4.570 કિલોગ્રામ, કિંમત 2,28,500) અને 24 નંગ ગાંજાના મૂળિયા સહિતના કટિંગ કરેલા લીલા ડાળીવાળા છોડ (વજન 20.736 કિલોગ્રામ, કિંમત 10,36,800)નો સમાવેશ થાય છે. આરોપી હકમાભાઈ લખાભાઈ ગમાર (ઉંમર 51, રહે. અજાવાસ, રાજેટા ફળો, તા. પોશીના, જિ. સાબરકાંઠા) વિરુદ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# રાજકોટમાં રખડતા શ્વાનોનો આતંક : સ્થાનિકોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ

રાજકોટ

રાજકોટ શહેરમાં રખડતા શ્વાનોનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે, જેના કારણે નાગરિકોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. તાજેતરમાં શહેરના પેલેસ રોડ પર આવેલ વર્ધમાનનગર વિસ્તારમાં રખડતા શ્વાનોના આતંકની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં રાત્રિના સમયે રસ્તા પરથી પસાર થતા નિર્દોષ રાહદારીઓ પાછળ શ્વાનોનું ટોળું કરડવા માટે દોડતું હોવાના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. આ સમગ્ર ઘટનાનો વિડીયો વાયરલ થતા સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને લોકો રાત્રિના સમયે બહાર નીકળતા ડરી રહ્યા છે.

આ મામલે રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી ઉપેન્દ્રભાઈ પટેલે દિવ્યભાસ્કર સાથેની ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં શ્વાનોના ત્રાસ અંગેની ફરિયાદ મળતા મનપાની ટીમોને તાત્કાલિક ઘટનાસ્થળે મોકલી આપવામાં આવી છે. જે કોઈ શ્વાનો આક્રમક બન્યા છે તેમને પકડીને ડોગ ફ્રેન્ડલી સેન્ટર ખાતે ખસેડવામાં આવશે. ત્યાં આ શ્વાનોની વર્તણૂક પર ધ્યાન આપી તેમને શાંત પાડવાની પ્રક્રિયા હાથ ધરાશે. જોકે, કાયદાકીય મર્યાદાઓનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે કોર્ટના આદેશ મુજબ, શ્વાનોને પકડ્યા બાદ અને જરૂરી પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી તેમને ફરીથી એ વિસ્તારમાં છોડી દેવા પડે છે.

વસ્તી ગણતરીની કામગીરી માત્ર શિક્ષકોને નહીં અન્યોને પણ સોંપો, અધિક કલેક્ટરને રજુઆત

રાજકોટ જિલ્લામાં આગામી તા.1 જુનથી વસ્તી ગણતરીની કામગીરીનો પ્રારંભ થનાર હોય જેમાં માત્ર પ્રાથમિક શિક્ષકો જ નહી અન્ય સરકારી વિભાગોના કર્મચારીઓને પણ ફરજ સોપવાની માંગણી સાથે પ્રાથમિક શિક્ષક મહાસંઘ દ્વારા આજે અધિક કલેકટર મૂછારને આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરી છે.

# સાંધીએરની સીમમાંથી પસાર થતી સિંચાઈની હજીરા કેનાલમાં કેમિકલવાળું પ્રદૂષિત પાણી છોડાયું

ઓલપાડ

ઓલપાડ તાલુકાના સાંધીએર ગામ સહિત તાલુકાની ખેત સીમમાંથી પસાર થતી હજીરા કેનાલમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી કેમિકલયુક્ત પ્રદૂષિત પાણી વહી રહ્યું હોવાથી ઓલપાડ તા.પં.ની સાંધીએર સીટ પરથી ચૂંટાયેલા નવનિયુક્ત સદસ્ય અને સાંધીએર પિયત સહકારી મંડળીનું વહીવટી સંચાલન કરતા ધમેર્શભાઇ ઈશ્વરભાઇ પટેલે સુરત સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરને ટેલીફોનિક ફરિયાદ કર્યા બાદ ઓલપાડ ખાતેના સિંચાઈ વિભાગના ડેપ્યુટી ઈજનેરને લેખિત ફરિયાદ કરતા સિંચાઈ તંત્ર દોડતું થઈ ગયું છે.

વિગત મુજબ ઓલપાડ તાલુકાની ખેત સીમમાંથી પસાર થતી સેનાખાડીમાં ઉદ્યોગો દ્વારા છોડાતા કેમિકલવાળા પ્રદૂષિત પાણીની સમસ્યા વર્ષો જુની પુરાણી છે.આ ખાડીમાંથી સિંચાઈ પાણીનો ઉપયોગ કરતા તાલુકાના ખેડૂતોએ અનેક વખત ધારાસભ્ય મુકેશભાઈ પટેલ અને તાલુકામાંથી ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સહિત ગુજરાત પોલ્યુશન તંત્રને ફરિયાદો કરી ચુક્યા છે.

તેમ છતાં આ સમસ્યા આજેપણ યથાવત રહેતા ખેડૂતોની વાંરવારની ફરિયાદો વાંઝણી પુરવાર થઇ છે. ખેડૂતોની આ સમસ્યાના હવનમાં જાણે બળતામાં ઘી હોમાતું હોય તેમ તાલુકાની ખેત સીમમાંથી પસાર થતી સિંચાઇ પાણીના મુખ્ય કેનાલોમાં પણ હવે કેમિકલવાળું પ્રદૂષિત પાણી વહી રહ્યું હોવાથી જગતનો તાત માથે હાથ દઈ ભગવાનને આજીજી કરી રહ્યો છે કે,હે રામ હવે અમો ખેત ઉત્પાદન કરી લોકોના પેટનો ખાડો કેવી રીતે પુરીશું?જો કે ખેડૂતોની હાલની સમસ્યા પ્રકાશમાં આવતા સાંધીએર પિયત સહકારી મંડળીનું વહીવટી સંચાલન કરતા ધર્મેશભાઇ ઈશ્વરભાઇ પટેલે સિંચાઇ તંત્રને ફરિયાદ કરી છે કે, અમારા ગામના કાર્ય વિસ્તારમાંથી ખેડૂતોને સિંચાઇ પાણી પુરૂ પાડવા હજીરા પેટા વિભાગની અટોદરા ફોર-એલ કેનાલ સહિત નહેરનાં વિવિધ ફાંટાઓમાં હાલ કેમિકલવાળું પ્રદૂષિત ગંદુ પાણી વહી રહ્યું છે.

# રેલ્વે સ્ટેશનો પર દારૂની રેલમછેલ..! : ભીલાડથી ઉત્રાણ સુધી બુટલેગરો બેફામ

## સ્ટેશન આસપાસ ગેરકાયદેસર દારૂનો ધંધો તેજ, તંત્રની કામગીરી પર ઊઠ્યા સવાલો




ગાંધીનગર

દક્ષિણ ગુજરાતમાં રેલ્વે સ્ટેશનો હવે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે હોટસ્પોટ બની રહ્યા હોવાના આક્ષેપો સામે આવી રહ્યા છે. ભીલાડથી લઈ ઉત્રાણ સુધીના વિસ્તારોમાં બુટલેગરો બેફામ બન્યા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

ભીલાડ, વાપી, વલસાડ, ઉડવાડા, પારડી, અતુલ અને સુરત જેવા વિસ્તારોમાં રેલ્વે સ્ટેશનોની આસપાસ દારૂની ખુલ્લેઆમ હેરફેર થતી હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.

સ્થાનિક સૂત્રો મુજબ, ખાસ કરીને કરમબેલી, વાપી, વલસાડ, ઉડવાડા, પારડી અને અતુલ જેવા સ્થળોએ દારૂ સપ્લાય થતો હોવાનો સિલસિલો ચાલી રહ્યો છે. આ સમગ્ર નેટવર્કમાં રેલ્વે માર્ગનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાની પણ શંકા વ્યક્ત થઈ રહી છે.

સ્થાનિક લોકોમાં આ મુદ્દે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે સ્ટેશન વિસ્તાર જેવો સંવેદનશીલ વિસ્તાર હોવા છતાં આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કેમ ચાલી રહી છે? શું તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે?

આક્ષેપો વચ્ચે પોલીસ અને સંબંધિત વિભાગોની કામગીરી પર પણ સવાલો ઊભા થયા છે. જો આ પ્રવૃત્તિઓ સાચી છે, તો તાત્કાલિક કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

હવે જોવાનું એ રહેશે કે તંત્ર આ ગંભીર મુદ્દે શું પગલાં લે છે અને બુટલેગરોના નેટવર્કને ક્યારે કાબૂમાં લેવામાં આવે છે.

## ખાખી બાદ હવે ખુરશી પર પણ દાગ?

# ડેપ્યુટી મામલતદાર નશાની હાલતમાં ઝડપાતા ચકચાર..



ગાંધીનગર

ગુજરાતના વહીવટી તંત્રને શરમજનક સ્થિતિમાં મૂકે તેવી એક ઘટના સામે આવી છે. એક ડેપ્યુટી મામલતદાર નશાની હાલતમાં ઝડપાતા સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા અને ચકચાર મચી ગઈ છે. માહિતી મુજબ, અધિકારી જાહેર સ્થળે શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યા હતા. ત્યારબાદ તપાસ દરમિયાન તેઓ નશાની અસર હેઠળ હોવાનો ખુલાસો થયો હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ઘટનાના પગલે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. લોકોનો સવાલ છે કે જે અધિકારીઓ કાયદો અને શિસ્ત જાળવવાની જવાબદારી સંભાળે છે, જો તેઓ જ નશાની હાલતમાં ઝડપાય તો સામાન્ય જનતામાં શું સંદેશ જશે? આ ઘટનાએ ફરી એકવાર સરકારી તંત્રની કાર્યપદ્ધતિ અને અધિકારીઓની જવાબદારી સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. શું આવા અધિકારીઓ સામે કડક કાર્યવાહી થશે? કે પછી મામલો દબાવી દેવામાં આવશે? હાલ સંબંધિત વિભાગ દ્વારા સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જો કે, અધિકારી સામે શું પગલાં લેવામાં આવશે તે અંગે હજુ સત્તાવાર માહિતી સામે આવી નથી. આ ઘટનાએ વહીવટી તંત્રની છબીને ઝાટકો આપ્યો છે અને હવે લોકો પારદર્શક કાર્યવાહી ની રાહ જોઈ રહ્યા છે.

# વડોદરા પોલીસનો સપાટો: અંકોડિયામાં યુવતીની હત્યાનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલવામાં આવ્યો

### "કોઈ પણ તકલીફ હોય તો નિર્ભય બનીને કોલ કરો" – રાજકોટ એસપીનો જનતા માટે સંદેશ

વડોદરા,

સંસ્કારી નગરીને હચમચાવી દેનાર અંકોડિયા હત્યા કેસમાં વડોદરા ગ્રામ્ય પોલીસને મોટી સફળતા મળી છે. ખેતરમાંથી ગળેટૂંપો આપેલી હાલતમાં મળી આવેલી યુવતીના કેસમાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપીને દબોચી લીધો છે. ગત તા. 04 મે, 2026 ના રોજ સાંજના સમયે વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં આવતા અંકોડિયા ગામની સીમમાં એક અજાણી યુવતીની લાશ મળી આવી હતી. આશરે 22થી 25 વર્ષની યુવતીના ગળાના ભાગે કેબલ વાયર વીંટાયેલો હતો, જે સ્પષ્ટપણે હત્યા તરફ ઈશારો કરતો હતો.

ઘટનાની ગંભીરતાને જોતા વડોદરા ગ્રામ્ય પોલીસની વિવિધ ટીમો, એલ.સી.બી. અને એફ.એસ.એલ.ની મદદથી તપાસમાં જોડાઈ હતી.

ઘટના સ્થળ પરથી મળેલા પુરાવા અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસે આરોપી સુધી પહોંચવામાં સફળતા મેળવી છે. યુવતીની ઓળખ વિધિ બાદ તેના સંપર્કમાં રહેલા શંકાસ્પદ લોકોની પૂછપરછ કરવામાં આવતા હત્યારો ભાંગી પડ્યો હતો અને પોતાનો ગુનો કબૂલ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અંગત અદાવત અથવા પ્રેમ પ્રકરણ આ કરૂણ ઘટના પાછળનું મુખ્ય કારણ હોઈ શકે છે. જોકે, આરોપીની સઘન પૂછપરછ બાદ જ હત્યાના ચોક્કસ કારણ પરથી પડદો ઉચકાશે.

# રાજકોટ પોલીસનો જનહિતમાં મોટો પગલું : એસપી દ્વારા જાહેર કરાયા સીધા સંપર્ક નંબર

### "કોઈ પણ તકલીફ હોય તો નિર્ભય બનીને કોલ કરો" – રાજકોટ એસપીનો જનતા માટે સંદેશ

રાજકોટ

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થા મજબૂત બનાવવા માટે પોલીસ દ્વારા મહત્વપૂર્ણ અને પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. રાજકોટના ઈમાનદાર એસપી સાહેબે પોતાનો પર્સનલ સંપર્ક નંબર જાહેર કરી જનતાને સીધો સંપર્ક કરવા આમંત્રણ આપ્યું છે.

એસપી સાહેબે માત્ર પોતાનો નંબર જ નહીં પરંતુ શહેરના આજુબાજુના તમામ પોલીસ સ્ટેશનોના સંપર્ક નંબર પણ જાહેર કર્યા છે, જેથી કોઈ પણ નાગરિકને મુશ્કેલી પડે ત્યારે તે તાત્કાલિક મદદ મેળવી શકે.

તેમણે જનતાને સંદેશ આપતા કહ્યું છે કે, "જો કોઈ વ્યાજખોરોથી પરેશાન હોય, ગુનાહિત તત્વોનો ભોગ બની રહ્યો હોય કે અન્ય કોઈ પણ પ્રકારની તકલીફ હોય, તો કોઈ પણ સંકોચ વિના સીધો કોલ કરો. પોલીસ હંમેશા તમારી સાથે છે." આ પહેલથી સામાન્ય નાગરિકોમાં વિશ્વાસ વધ્યો છે અને લોકો હવે નિર્ભય બનીને પોતાની સમસ્યાઓ રજૂ કરી શકશે. ખાસ કરીને વ્યાજખોરી જેવા ગંભીર મુદ્દાઓ સામે લડવા માટે આ પગલું ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે. રાજકોટ પોલીસની આ કામગીરીને લોકો દ્વારા વખાણ મળી રહ્યા છે અને આ પગલું પોલીસ-જનતા વચ્ચેના વિશ્વાસને વધુ મજબૂત બનાવશે એવી આશા વ્યક્ત થઈ રહી છે. હવે જોવાનું એ રહેશે કે આ પહેલથી કેટલા લોકો આગળ આવીને પોતાની સમસ્યાઓ રજૂ કરે છે અને પોલીસ કેટલાં અસરકારક રીતે તેનું નિરાકરણ લાવે છે.

## સુરત સબજેલમાં ભ્રષ્ટાચારનો મહા-ધડાકો?

# આરોપી શિવા ઝાલાની બેધડક કબૂલાતથી તંત્રમાં ખળભળાટ..!

સુરત

સુરતની લાજપોર સબજેલ ફરી એકવાર ગંભીર વિવાદોના કેન્દ્રમાં આવી છે. એમ.ડી. કેસના આરોપી તરીકે ઓળખાતા શિવા ઝાલાએ જેલની અંદર ચાલતા કથિત ભ્રષ્ટાચાર, ગેરવહીવટ અને સેટિંગબાજી અંગે ચોંકાવનારા ખુલાસાઓ કર્યા હોવાનો દાવો સામે આવ્યો છે.

શિવા ઝાલાના આક્ષેપો મુજબ, જેલની અંદર કેટલાક સત્તાધીશો, પ્રભાવશાળી કેદીઓ અને બહારના તત્વોની મિલીભગતથી વર્ષોથી "અંદરખાને સામ્રાજ્ય" ચાલી રહ્યું છે. શિવાના નિવેદનમાં હિવોરીયા, ગઢવી અને પાકા કેદી ઉજેફા જેવા નામો પણ ચર્ચામાં આવ્યા હોવાની ચર્ચા શહેરમાં જોર પકડી રહી છે.

સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે શું લાજપોર જેલ ખરેખર "સજા માટેની જેલ" છે કે પછી "સેટિંગવાળી હોસ્ટેલ"?

સ્થાનિકોમાં ચર્ચા છે કે જેલની અંદર મોબાઈલ, સુવિધાઓ, ખાસ વ્યવસ્થા અને ગેરકાયદેસર હલચલ વર્ષોથી ચાલતી હોવા છતાં તંત્ર મૌન કેમ છે?

શિવા ઝાલાની કથિત કબૂલાત બાદ હવે લોકો સીધો સવાલ ગૃહમંત્રી સુધી પહોંચાડી રહ્યા છે – શું આ મામલે ઉચ્ચસ્તરીય તપાસ થશે? શું જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી થશે? કે પછી અગાઉની જેમ આ મુદ્દો પણ ફાઈલોમાં દબાઈ જશે?

જેલ તંત્ર સામે પહેલાથી અનેક વખત સવાલો ઉઠતા રહ્યા છે, પરંતુ આ વખતે આરોપો વધુ ગંભીર અને સીધા સિસ્ટમ તરફ ઈશારો કરતા હોવાનું કહેવાઈ રહ્યું છે.

## જામનગર-દ્વારકામાં સવાલો ઉઠ્યા

# દરિયાઈ સરહદે કવાયત કે માત્ર દેખાવ?



સાગર સુરક્ષા નામે ફોટોસેશન, જ્યારે દરિયાકિનારે ડ્રગ્સનો સિલસિલો યથાવત

જામનગર

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓની દરિયાઈ સરહદો પર વારંવાર સુરક્ષા કવાયત યોજાઈ રહી હોવાના દાવાઓ વચ્ચે હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

સમયાંતરે સંબંધિત તંત્રો દ્વારા સાગર સુરક્ષા અભિયાનના નામે કવાયત યોજાઈ રહી છે, જેમાં અધિકારીઓ દ્વારા ફોટોસેશન કરવામાં આવે છે અને મીડિયામાં તેની મોટી મોટી વાતો પ્રસારિત થાય છે.

પરંતુ હકીકતમાં, આ જ દરિયાકાંઠા પર રાષ્ટ્રવિરોધી તત્વો દ્વારા વારંવાર ડ્રગ્સના બિનવારસુ જથ્થા ઠાલવવાના બનાવો સામે આવી રહ્યા છે. ચોંકાવનારી વાત એ છે કે આવા કિસ્સાઓમાં આરોપીઓ સરળતાથી ફરાર થઈ જાય છે, જે સુરક્ષા તંત્રોની કામગીરી પર સીધા સવાલો ઉભા કરે છે. સ્થાનિક લોકોમાં આ મુદ્દે અસંતોષ વધી રહ્યો છે. લોકોનું કહેવું છે કે જ્યારે દરિયાકિનારે આટલી ગંભીર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થઈ રહી છે, ત્યારે તંત્રો ખરેખર સજાગ છે કે માત્ર દેખાવ પૂરતો જ કવાયત કરી રહ્યા છે? સાગર સુરક્ષા જેવી સંવેદનશીલ બાબતમાં જો માત્ર દેખાવ પૂરતી કામગીરી થઈ રહી હોય, તો તે દેશની સુરક્ષા માટે પણ ચિંતાજનક બની શકે છે.

હવે સામાન્ય નાગરિકના મનમાં એક જ સવાલ ઉઠી રહ્યો છે – જ્યારે દરિયાકિનારે આવી ઘટનાઓ બને છે, ત્યારે જવાબદાર તંત્રો ક્યાં હોય છે? અને આ સવાલનો સ્પષ્ટ જવાબ શું કોઈ આપશે? હવે જોવાનું એ રહેશે કે તંત્રો આ ગંભીર મુદ્દે સ્પષ્ટતા કરે છે.

## ગુજરાતની સરહદે મરઘાંનો 'મૃત્યુઘંટ'

# 2 લાખથી વધુ મરઘાંઓને કેમ મારી નાખવામાં આવ્યા?

### પશુપાલન વિભાગની ટીમોએ પીપીઈ કીટ પહેરીને આ મરઘાંઓને પકડ્યા હતા અને તેમને ગેસ દ્વારા અથવા ઈન્જેક્શન આપીને બેભાન કર્યા બાદ ઉંડા ખાડામાં દાટી દેવામાં આવ્યા છે

નવસારી/વલસાડ

ગુજરાતની દક્ષિણ સરહદે આવેલા મરઘા ઉછેર કેન્દ્રો (Poultry Farms) માં છેલ્લા કેટલાક દિવસોથી ભારે અફરાતફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં સામે આવેલા અહેવાલો મુજબ, ગુજરાત-મહારાષ્ટ્રની સરહદ નજીક આવેલા વિસ્તારોમાં અંદાજે બે લાખ જેટલા મરઘાંઓને વૈજ્ઞાનિક પદ્ધતિથી મારી નાખવામાં (Culling) આવ્યા છે. આ આકરા પગલા પાછળનું મુખ્ય કારણ 'બર્ડ ફ્લૂ' (Avian Influenza) હોવાનું સામે આવ્યું છે.

સરહદી વિસ્તારોમાં અચાનક મોટી સંખ્યામાં મરઘાંઓના મોત થવા લાગતા પશુપાલન વિભાગ હરકતમાં આવ્યું હતું.

લેબોરેટરી ટેસ્ટમાં મરઘાંઓમાં એવિયન ઈન્ફ્લુએન્ઝા (H5N1) વાયરસના પોઝિટિવ લક્ષણો મળી આવ્યા હતા. આ વાયરસ અત્યંત ચેપી હોવાથી અન્ય પક્ષીઓમાં ન ફેલાય તે માટે આ નિર્ણય લેવાયો છે.

બર્ડ ફ્લૂના અમુક વેરિઅન્ટ પક્ષીઓમાંથી મનુષ્યોમાં પણ ફેલાઈ શકે છે, જે જીવલેણ સાબિત થઈ શકે. જનહિતને ધ્યાનમાં રાખીને સરકારે સંક્રમિત વિસ્તારના 1 થી 9 કિમીના દાયરામાં આવતા તમામ મરઘાંઓને નાશ કરવાનો આદેશ આપ્યો હતો.

જો આ મરઘાંઓને જીવતા રાખવામાં આવે અથવા બજારમાં વેચવામાં આવે, તો તે આખા રાજ્યમાં આ રોગચાળો ફેલાવી શકે તેમ હતા.

પશુપાલન વિભાગની ટીમોએ પીપીઈ કીટ પહેરીને આ મરઘાંઓને પકડ્યા હતા અને તેમને ગેસ દ્વારા અથવા ઈન્જેક્શન આપીને બેભાન કર્યા બાદ ઉંડા ખાડામાં દાટી દેવામાં આવ્યા છે. આ પ્રક્રિયા દરમિયાન આખા વિસ્તારને સેનિટાઈઝ કરવામાં આવ્યો હતો. એકસાથે બે લાખ મરઘાંઓનો નાશ થતા પશુપાલકો અને પોલ્ટ્રી ફાર્મ માલિકોને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

જોકે, સરકાર દ્વારા નિયમ મુજબ વળતર આપવાની ખાતરી આપવામાં આવી છે. હાલમાં સરહદી ચેકપોસ્ટ પર અન્ય રાજ્યોમાંથી આવતા મરઘાં-બતકાના પરિવહન પર પણ કડક વોચ રાખવામાં આવી રહી છે.

## જૂનાગઢમાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા

# બાટવા નગરપાલિકા પ્રમુખ પર પાઇપ વડે હિચકારો હુમલો

જૂનાગઢ

ગિરનારની ગોદમાં આવેલા જૂનાગઢ જિલ્લામાં અસામાજિક તત્વોએ માઝા મૂકી હોય તેમ વધુ એક સનસનાટીપૂર્ણ ઘટના સામે આવી છે. બાટવા નગરપાલિકાના પ્રમુખ સુનિલ જેઠવાણી પર ધોળા દિવસે જાહેરમાં જીવલેણ હુમલો કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાએ જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.



વિગતો મુજબ, બાટવા નગરપાલિકા પ્રમુખ સુનિલ જેઠવાણી જ્યારે જાહેર માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક કેટલાક અજાણ્યા શખ્સોએ તેમને ઘેરી લીધા હતા.

પ્રમુખ પર પાઈપ વડે આડેધડ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી છે.

હુમલાખોરો આ હીંચકારી ઘટનાને અંજામ આપીને કોઈ પણ ડર વગર સ્થળ પરથી બિન્દાસ્ત રીતે ફરાર થઈ ગયા હતા.

જનતામાં ભય અને તંત્ર સામે સવાલ

નગરપાલિકાના પ્રથમ નાગરિક પર થયેલા આ હુમલા બાદ બાટવા પંથકમાં ભયનો માહોલ છે. વેપારીઓ અને સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ ઘટના બાદ રાજકીય આલમમાં પણ ગરમાવો જોવા મળી રહ્યો છે.

શું અસામાજિક તત્વોને હવે ખાખી વર્દીનો જરાય ખોફ રહ્યો નથી? ધોળા દિવસે આટલી મોટી ઘટના બની હોવા છતાં હજુ સુધી આરોપીઓ પોલીસ પકડથી દૂર છે.

હાલમાં ઈજાગ્રસ્ત સુનિલ જેઠવાણીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે અને પોલીસે આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

જૂનાગઢ પોલીસ માટે હવે આ કેસ એક મોટો પડકાર બની ગયો છે. જો આરોપીઓ વહેલી તકે નહીં પકડાય તો પોલીસની છબી પર પણ મોટું પ્રશ્નાર્થ લાગશે.

## તમિલનાડુની રાજનીતિમાં ઉથલપાથલ

# વિજયની એન્ટ્રીથી બદલાવના સંકેત?

### ■ ગઠબંધનની અટકળો તેજ, તમામ પક્ષોની નજર નવા રાજકીય સમીકરણો પર

ચેન્નાઈ

તમિલનાડુની રાજનીતિમાં અચાનક ગરમાવો જોવા મળી રહ્યો છે. ફિલ્મ જગતના સુપરસ્ટાર Vijayની રાજકીય એન્ટ્રી બાદ રાજ્યના રાજકારણમાં નવા સમીકરણો ઉભા થવાની શક્યતા વધી ગઈ છે.

વિજયના રાજકારણમાં પ્રવેશને કારણે પરંપરાગત પક્ષો માટે નવી પડકારજનક સ્થિતિ ઉભી થઈ છે. ખાસ કરીને DMK અને AIADMK જેવી મુખ્ય પાર્ટીઓ હવે પોતાના ગઢને મજબૂત રાખવા માટે નવી વ્યૂહરચના બનાવી રહી છે.

રાજ્યમાં ગઠબંધનની અટકળો પણ જોર પકડી રહી છે. વિજય કયા પક્ષ સાથે હાથ મિલાવશે કે પોતાની અલગ રાજકીય દિશા પસંદ કરશે તે મુદ્દે રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની છે.

વિશ્લેષકોનું માનવું છે કે યુવા મતદારોમાં વિજયની લોકપ્રિયતા રાજકીય સમીકરણોને અસર કરી શકે છે. જો તેઓ મજબૂત સંગઠન ઊભું કરી શકે, તો તમિલનાડુમાં ત્રીજો વિકલ્પ ઉભો થઈ શકે છે.

હાલમાં તો રાજ્યની રાજનીતિમાં અનિશ્ચિતતા અને ઉત્સુકતા બંને જોવા મળી રહી છે.

તમામ પક્ષો આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોતાની ચાલ ચલવા માટે તૈયાર થઈ રહ્યા છે.

હવે જોવાનું એ રહેશે કે વિજયની એન્ટ્રી માત્ર ચર્ચાનો વિષય બની રહે છે કે ખરેખર તમિલનાડુની રાજનીતિમાં મોટો બદલાવ લાવે છે.




## TCS કેસમાં ચોંકાવનારો ખુલાસો

# હિન્દુ કર્મચારીઓને નમાજ પઢાવનાર ટીમ લીડર તૌસીફ અત્તાર જ માસ્ટરમાઈન્ડ

નાસિક

આઈટી ક્ષેત્રની દિગ્ગજ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) ના નાસિક યુનિટમાં બનેલી ઘટનાએ સમગ્ર દેશમાં ખળભળાટ મચાવ્યો છે. 26 માર્ચથી 3 એપ્રિલ 2026 દરમિયાન 9 મહિલા કર્મચારીઓએ નોંધાવેલી FIR બાદ હવે આ કેસમાં કાળી હકીકતો સામે આવી રહી છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ આખા કૌભાંડનો માસ્ટરમાઈન્ડ બીજો કોઈ નહીં પણ ટીમ લીડર તૌસીફ અત્તાર છે.

તૌસીફ અત્તાર વિરુદ્ધ નોંધાયેલી 6 FIR માં અત્યંત ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે: બળજબરીથી નમાજ: તૌસીફ પર આરોપ છે કે તે હિન્દુ કર્મચારીઓને ઓફિસમાં બળજબરીથી નમાજ પઢાવતો હતો.

ધાર્મિક લાગણી દુભાવી: તે હિન્દુ દેવી-દેવતાઓ, ખાસ કરીને ભગવાન શિવ અને બ્રહ્મા વિશે અભદ્ર ટિપ્પણીઓ કરતો અને તેમનું અપમાન કરતો હોવાનું તપાસમાં ખુલ્યું છે.

જાતીય સતામણી: મહિલા કર્મચારીઓએ તેના પર કાર્યસ્થળ પર




જાતીય સતામણી અને ધાકધમકી આપવાના પણ આક્ષેપો કર્યા છે.

તપાસમાં એક તરફ ધાર્મિક અપમાનની વાતો સામે આવી છે, પરંતુ કાયદાકીય રીતે 'ધર્માંતરણ' (Conversion) નો કેસ નબળો પડી રહ્યો હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. કારણ કે, કર્મચારીઓને ધાર્મિક ક્રિયાઓ માટે દબાણ કરવામાં આવતું હતું, પરંતુ કાયદેસર રીતે ધર્મ બદલાવ્યાના પુરાવાઓ હજુ સુધી પૂરતા પ્રમાણમાં મળ્યા નથી. પોલીસ અત્યારે આ દિશામાં વધુ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

ઓફિસમાં ભયનો માહોલ: 20 કર્મચારીઓના રાજીનામા

આ વિવાદ અને તૌસીફના ત્રાસથી કંટાળીને TCS નાસિક ઓફિસમાંથી અત્યાર સુધીમાં 20 જેટલા કર્મચારીઓએ રાજીનામા આપી દીધા છે. કર્મચારીઓનું કહેવું છે કે ઓફિસનું વાતાવરણ અત્યંત ઝેરી બની ગયું હતું અને ટીમ લીડર દ્વારા સતત માનસિક ટોર્ચર કરવામાં આવતું હતું.

પોલીસ કાર્યવાહી અને કંપનીનું વલણ

નાસિક પોલીસે તૌસીફ અત્તાર વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બંગાળમાં ફરી 'ખૂની ખેલ' : સુવેંદુ અધિકારીના PAની જાહેરમાં હત્યા કરાઈ

### પોલીસ દ્વારા હુમલાખોરોની ઓળખ અને હત્યાના ચોક્કસ કારણ અંગે તપાસ શરૂ કરવામાં આવી

નવી દિલ્હી

સુવેંદુ અધિકારીના નજીકના સહયોગી અને તેમના PAની જાહેરમાં થયેલી હત્યાએ પશ્ચિમ બંગાળની રાજનીતિમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. હુમલાખોરોએ રસ્તા પર કારને નિશાન બનાવી તાબડતોબ ગોળીબાર કર્યો હોવાનું સામે આવ્યું છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, હુમલો સંપૂર્ણ આયોજનબદ્ધ રીતે કરવામાં આવ્યો હતો. કારને રોકીને હુમલાખોરોએ અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું અને ત્યારબાદ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા. ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાએ ફરી એકવાર બંગાળની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.



વિપક્ષ દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યા છે કે રાજ્યમાં રાજકીય હિંસા સતત વધી રહી છે અને વિરોધી અવાજોને દબાવવા માટે ખૂની રાજકારણ ચાલી રહ્યું છે.

ઘટના બાદ રાજકીય વર્તુળોમાં પણ ભારે ચકચાર મચી છે. ભાજપના નેતાઓએ આ મામલે નિષ્પક્ષ તપાસ અને આરોપીઓની તાત્કાલિક ધરપકડની માંગ ઉઠાવી છે.

હાલ પોલીસ દ્વારા હુમલાખોરોની ઓળખ અને હત્યાના ચોક્કસ કારણ અંગે તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે, પરંતુ સત્તાવાર રીતે વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી.

શું બંગાળ ફરી રાજકીય હિંસાની આગમાં ધકેલાઈ રહ્યું છે?

શું આ હત્યાકાંડ પાછળ કોઈ મોટું કાવતરું છુપાયેલું છે?

## ન્યાય માટે ભટકતા નાગરિકની વ્યથા વાયરલ

# "કોર્ટમાં ફક્ત તારીખો જ મળે છે" : નાગરિક

નવી દિલ્હી

દેશની ન્યાય વ્યવસ્થા અને રાજકીય વાતાવરણને લઈને સોશિયલ મીડિયા પર એક નિવેદન ભારે ચર્ચામાં આવ્યું છે. એક નાગરિકે પોતાની વ્યથા વ્યક્ત કરતા કહ્યું કે, "ત્રણ વખત કોર્ટ ગયા, પરંતુ ન્યાયના બદલે માત્ર તારીખો જ મળી." નાગરિકનો આક્ષેપ છે કે દરેક વખતેએમને એવો જવાબ મળ્યો કે – "આ વખતે છોડી દો આગળની વખતે મત આપી દેજો" અર્થાત્, "આ વખતે BJPને જીતવા દો, પછી જોઈ લઈશું." આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર લોકો વચ્ચે ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. કેટલાક લોકો આને ન્યાય પ્રણાલી પ્રત્યેની નિરાશા ગણાવી રહ્યા છે, તો કેટલાક લોકો રાજકીય પ્રભાવ અને સિસ્ટમની ધીમી પ્રક્રિયા પર સવાલ ઉઠાવી રહ્યા છે. વિશ્લેષકો માને છે કે ન્યાય વ્યવસ્થામાં વિલંબ માત્ર કાનૂની મુદ્દો નથી, પરંતુ સામાન્ય લોકોના વિશ્વાસ સાથે જોડાયેલો ગંભીર પ્રશ્ન છે.

# પંજાબ બ્લાસ્ટ પર રાજકારણ ગરમાયું: સંજયસિંહના ભાજપ પર તીખા સવાલો

### "પુલવામા અને પહલગામના જવાબ હજુ સુધી કેમ નથી?" – રાજ્યસભા સાંસદનો સીધો પ્રહાર

નવી દિલ્હી

પંજાબમાં થયેલા બે બ્લાસ્ટ બાદ દેશની રાજનીતિ ફરી એકવાર ગરમાઈ ગઈ છે. આમ આદમી પાર્ટીના પ્રખ્યાત નેતા અને રાજ્યસભા સાંસદ Sanjay Singhએ કેન્દ્ર સરકાર અને ખાસ કરીને ભાજપ પર તીખો પ્રહાર કર્યો છે.

સંજયસિંહે પોતાના નિવેદનમાં ગંભીર પ્રશ્નો ઉઠાવતા કહ્યું કે, "પુલવામા અને પહલગામ જેવી ઘટનાઓને લઈને આજ સુધી દેશને સ્પષ્ટ જવાબ કેમ મળ્યો નથી?" તેમણે વધુમાં સવાલ કર્યો કે પહલગામમાં સુરક્ષા વ્યવસ્થા



હઠાવવાનો નિર્ણય શા માટે લેવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, તેમણે Pulwama attackને લઈને પણ સવાલો ઉઠાવ્યા. સંજયસિંહે કહ્યું કે, "સાડા ત્રણસો કિલો આરડીએક્સ પુલવામામાં ક્યાંથી આવ્યું હતું? આટલી મોટી સુરક્ષા ચૂક કેવી રીતે થઈ?"

આ નિવેદન બાદ રાજકીય માહોલમાં ઉથલપાથલ મચી ગઈ છે. વિરોધ પક્ષ ભાજપને આ મુદ્દે ઘેરી રહ્યું છે, જ્યારે ભાજપ તરફથી હજી સુધી આ નિવેદનો પર સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.

પંજાબ બ્લાસ્ટની તપાસ ચાલુ છે, પરંતુ આ ઘટનાએ ફરી એકવાર દેશની સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

હવે જોવાનું એ રહેશે કે આ તીખા સવાલો પર કેન્દ્ર સરકાર શું જવાબ આપે છે અને તપાસમાં કયા ખુલાસા સામે આવે છે.

# ચૂંટણીનું ગણિત કે જાદુ? માત્ર 5% વોટના તફાવતે ભાજપે કેવી રીતે આંચકી લીધી 127 બેઠકો?

કોલકાતા

ભારતીય રાજનીતિમાં ચૂંટણી જીતવા માટે માત્ર બહુમતી જ નહીં, પણ વોટનું ગણિત સમજવું પણ એટલું જ જરૂરી છે. તાજેતરના આંકડાકીય વિશ્લેષણમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે કે કેવી રીતે ભાજપ વિરોધી મતોનું વિભાજન વિપક્ષને ભારે પડી રહ્યું છે. પશ્ચિમ બંગાળના ચૂંટણી પરિણામો આનું જીવંત ઉદાહરણ છે, જ્યાં મતોના નજીવા તફાવત છતાં બેઠકોના આંકડામાં આભ-જમીનનો ફરક જોવા મળ્યો છે. પશ્ચિમ બંગાળ: આંકડા જે આંખ ઉઘાડનારા છે, બંગાળના ચૂંટણી જંગમાં ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ (TMC) વચ્ચેના મતોની ટકાવારી જોઈએ તો ચિત્ર સ્પષ્ટ થાય છે: ભાજપને મળેલા વોટ: 45.84%, TMC ને મળેલા વોટ: 40.80%, વોટનો



તફાવત: માત્ર 5.04%. પરંતુ આ 5 ટકાના તફાવતે બેઠકોના સમીકરણો બદલી નાખ્યા. ભાજપને 207 બેઠકો મળી, જ્યારે TMC 80 બેઠકો પર સમેટાઈ ગઈ. એટલે કે માત્ર 5% ના વોટફેરમાં ભાજપે વિપક્ષ કરતા 127 બેઠકો વધુ મેળવી લીધી.

ક્યાં થાપ ખાઈ ગયું વિપક્ષી ગણિત? વિશ્લેષકોના મતે, ભાજપ વિરોધી કુલ 54.16% વોટ હતા. જેમાંથી: 1. TMC ના ખાતામાં: 40.80% વોટ ગયા. 2. બાકીના વોટ: 13.36% વોટનું અન્ય પક્ષો વચ્ચે એટલું 'વ્યવસ્થિત' વિભાજન થયું કે ભાજપને તેનો સીધો ફાયદો મળ્યો.

જો આ 13 ટકા વોટનું વિભાજન રોકવામાં આવ્યું હોત, તો પરિણામ કંઈક જુદું જ હોત. ભાજપની રણનીતિ સામે વિપક્ષી મતોનું આ છૂટાછેડા જેવું વિભાજન જ વિપક્ષની હારનું મુખ્ય કારણ બન્યું છે.

આ ગણિત હવે માત્ર બંગાળ પૂરતું મર્યાદિત નથી. રાજકીય નિષ્ણાતો માને છે કે જો રાહુલ ગાંધી અને ઈન્ડિયા બ્લોકના નેતાઓ મતોના આ વિભાજનને અટકાવવામાં નિષ્ફળ રહેશે, તો આગામી ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં પણ ભાજપ આ જ 'બંગાળ ફોર્મ્યુલા' થી વિજયી બની શકે છે.

# 2 બેઠકોમાંથી દેશની સૌથી મોટી રાજકીય શક્તિ સુધી : ભાજપનો 50 વર્ષનો સફર શું શીખવે છે..?

નવી દિલ્હી

ભારતીય રાજકારણમાં Bharatiya Janata Partyનો ઉદય માત્ર એક રાજકીય સફળતા નથી, પરંતુ અડધી સદી સુધી ચાલેલા સંગઠન, વિચારધારા અને ગ્રાઉન્ડ લેવલની મહેનતનું જીવંત ઉદાહરણ છે.

1977માં Bharatiya Jana Sanghનું Janata Partyમાં વિલીનીકરણ થયું અને ત્યારબાદ 1980માં BJPનો જન્મ થયો. ઘણા રાજકીય વિશ્લેષકો માને છે કે નામ અને માળખું બદલાયું હશે, પરંતુ વિચારધારાનું "DNA" લગભગ એજ રહ્યું.

એક સમય એવો હતો જ્યારે સંસદમાં BJPને માત્ર 2 બેઠકો મળતી હતી. અનેક રાજ્યોમાં પાર્ટીનું અસ્તિત્વ સીમિત હતું. પરંતુ આજે, 2026માં, દેશની રાજનીતિમાં BJP સૌથી મજબૂત અને પ્રભાવશાળી શક્તિ તરીકે ઉભરી છે.

આ સફર માત્ર ચૂંટણી જીતવાની નહોતી. આ સફર હતી – બૂથ લેવલ સુધી સંગઠન ઉભું કરવાની, કાર્યકર્તાઓને વિચારધારાથી જોડવાની, અને સતત 50 વર્ષ સુધી જનતા વચ્ચે સક્રિય રહેવાની.

રાજકીય નિષ્ણાતો માને છે કે BJPની સફળતામાં ત્રણ મુખ્ય બાબતોનો ફાળો રહ્યો: મજબૂત સંગઠન, સ્પષ્ટ વિચારધારા, સતત મેદાની હાજરી હવે સવાલ એ ઊભો થાય છે કે શું Indian National Congress જેવી 150 વર્ષ જૂની પાર્ટીએ આમાંથી કંઈ શીખવાની જરૂર છે?

વિશ્લેષકોના મત મુજબ, કોંગ્રેસ પાસે ઈતિહાસ છે, પરંતુ આજના સમયમાં માત્ર ઈતિહાસ પૂરતો નથી.

મજબૂત સ્થાનિક નેતૃત્વ, યુવાનો સાથે જોડાણ, સતત સંવાદ અને કાર્યકર્તા આધાર – આજના રાજકારણની નવી જરૂરિયાત બની ગઈ છે.

બીજી તરફ, આજકાલ બિલાડીના ટોપની જેમ ઉભી થતી નવી પાર્ટીઓ અંગે પણ ચર્ચા તેજ બની છે. શું આવી પાર્ટીઓ લાંબા ગાળે ટકી શકે? કે પછી જનતા હવે સ્થિર અને મજબૂત સંગઠનને વધુ પસંદ કરી રહી છે?

સોશિયલ મીડિયા, નેરેટિવ અને ડિજિટલ પ્રચારનો યુગ છે, પરંતુ અંતે મતદાર એજ પક્ષને પસંદ કરે છે જે વર્ષો સુધી જમીન પર કામ કરતો દેખાય.

ભારતીય રાજકારણ હવે માત્ર ચહેરાઓનું નહીં, પણ સંગઠનશક્તિનું યુદ્ધ બની ગયું છે – અને BJPની સફર એ વાતને વધુ મજબૂત બનાવે છે.

## બંગાળની રાજનીતિમાં ભારે ગરમાવો!

# "હટાવવું હોય તો હટાવી દો…" મમતાના કથિત નિવેદનથી વધ્યો રાજકીય તણાવ

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પરિણામો બાદ રાજકીય માહોલ વધુ ગરમાયો છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીના એક કથિત નિવેદન બાદ હવે બંગાળમાં "સંવિધાનિક સંકટ જેવી સ્થિતિ" સર્જાઈ રહી હોવાની ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં તેજ બની ગઈ છે.

માહિતી મુજબ, એક પાર્ટી બેઠક દરમિયાન મમતાએ કથિત રીતે કહ્યું હોવાનું સામે આવ્યું છે કે – "તેમને મને હટાવવું હોય તો હટાવી દે રાષ્ટ્રપતિ શાસન લગાવવું હોય તો લગાવી દે જરૂર પડશે તો હું આંતરરાષ્ટ્રીય કોર્ટ સુધી જઈશ."

આ નિવેદન બહાર આવતા જ રાજ્યની રાજનીતિમાં ખળભળાટ મચી ગયો છે. વિપક્ષી પક્ષો મમતા સરકાર પર સત્તા બચાવવા માટે આક્રમક વલણ અપનાવવાનો આરોપ મૂકી રહ્યા છે. બીજી



તરફ, તૃણમૂલ કોંગ્રેસના સમર્થકોનું કહેવું છે કે રાજ્યની જનતાએ આપેલા જનાદેશનો સન્માન થવો જોઈએ.

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે જો કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચેનો ટકરાવ વધુ ઊંડો બનશે તો તેની અસર રાષ્ટ્રીય રાજકારણ ઉપર પણ પડી શકે છે.

હાલ સુધી આ સમગ્ર મામલે કોઈ સત્તાવાર સંવિધાનિક કાર્યવાહી જાહેર કરવામાં આવી નથી, પરંતુ મમતાના આ કથિત નિવેદનથી રાજકીય તાપમાન ચોક્કસ વધી ગયું છે.

હવે સૌની નજર આ બાબત પર છે કે – શું બંગાળમાં રાજકીય સંઘર્ષ વધુ ઉગ્ર બનશે?

શું કેન્દ્ર સરકાર કોઈ મોટું પગલું ભરશે?

કે પછી આ માત્ર રાજકીય દબાણની વ્યૂહરચના છે?

આ પ્રશ્નો વચ્ચે પશ્ચિમ બંગાળ ફરી એકવાર દેશની રાજકીય ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.

## નથી જોઈતો પગાર કે નથી જોઈતી વર્દી

# 85 વર્ષની ઉંમરે મુંબઈના હાઈવે પર 'ટ્રાફિક સિંગમ' બની ઉતરે છે ગુજરાતી દાદા

મુંબઈ

કહેવાય છે કે સેવા કરવા માટે પદ કે સત્તાની જરૂર નથી હોતી, બસ મનમાં એક મક્કમ ઈરાદો જોઈએ. આ વાતને સાર્થક કરી બતાવી છે 85 વર્ષના મક્કમ મનોબળ ધરાવતા ગુજરાતી વડીલ ભરતભાઈ પંચાલે.

મુંબઈના વ્યસ્ત એવા વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર, કાંદિવલી (ઈસ્ટ) ના ઠાકુર કોમ્પ્લેક્સ સિગ્નલ પાસે દરરોજ સાંજે એક દ્રશ્ય સૌનું ધ્યાન ખેંચે છે - એક વૃદ્ધ વ્યક્તિ હાથમાં સીટી અને ટોર્ચ લઈને ટ્રાફિકને કંટ્રોલ કરી રહ્યા હોય છે. નથી કોઈ સ્વાર્થ, બસ નાગરિકોની સુરક્ષાનો




છે માર્ગ

ભરતભાઈ છેલ્લા ઘણા સમયથી દરરોજ સાંજે 4:30 થી રાત્રે 8 વાગ્યા સુધી એક પણ દિવસ ચૂક્યા વગર અહીં પોતાની સેવા આપે છે. તેમની વિશેષતા એ છે કે:

કોઈ પગાર નહીં: તેઓ આ કામ માટે એક પણ રૂપિયો લેતા નથી.

નથી કોઈ વર્દી: તેમની પાસે પોલીસ જેવી કોઈ સત્તાવાર વર્દી નથી, છતાં વાહનચાલકો તેમનું માન જાળવે છે.

નિયમોનું પાલન: તેઓ ખોટી લેનમાં જનારાઓને રોકે છે અને વાહનચાલકોને હેલ્મેટ તથા સીટબેલ્ટ પહેરવા નમ્રતાપૂર્વક અપીલ કરે છે.

ભરતભાઈની નિઃસ્વાર્થ સેવા જોઈને મુંબઈ ટ્રાફિક પોલીસે તેમને સત્તાવાર 'ટ્રાફિક વોર્ડન' બનવાની અને રિફ્લેક્ટર જેકેટ પહેરવાની ઓફર કરી હતી. પરંતુ, આ સેવાભાવી વડીલે તેને નમ્રતાપૂર્વક નકારી દીધી. તેમનું સ્પષ્ટ માનવું છે કે, 'આ કામ હું પૈસા કે હોદ્દા માટે નથી કરતો, પણ લોકોની સલામતી માટે કરું છું.'

આજની પેઢી જ્યારે નાની ઉંમરે થાકી જતી હોય છે, ત્યારે 85 વર્ષના ભરતભાઈ કોઈ પણ દવા વગર એકદમ ફિટ છે. તેઓ કહે છે કે, 'દરરોજ નવા લોકોને મળવું અને તેમને નિયમો સમજાવવા એ જ મારી એનર્જી છે. આ નિઃસ્વાર્થ સેવા જ મને માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ રાખે છે.'

## તંત્રી લેખ...

# હું અને તું... લાગણીઓના અદૃશ્ય બંધનની સુંદર વ્યાખ્યા

કેટલાક સંબંધો શબ્દોથી નથી સમજાતા
એને માત્ર અનુભવી શકાય છે.

"હું અને તું" માત્ર બે વ્યક્તિઓ નથી, પરંતુ બે આત્માઓ વચ્ચેનું એવું અદૃશ્ય જોડાણ છે, જ્યાં એક અધૂરો હોય તો બીજો તેને પૂર્ણ બનાવે છે.

હું સ્વર હોઉં તો સંવાદ તું
કારણ કે માત્ર અવાજ પૂરતો નથી, એને અર્થ આપતો કોઈ હોવો જરૂરી છે.

હું શ્વાસ હોઉં તો ધબકાર તું
કારણ કે જીવવું માત્ર શ્વાસોથી નહીં, લાગણીઓથી પણ બને છે.




જીવનમાં કેટલાક લોકો એવા આવે છે, જે માત્ર સાથ નથી આપતા, પરંતુ આપણા દરેક પળમાં વસવાટ કરી જાય છે. હું શૃંગાર હોઉં તો સોળ શણગાર તું

એનો અર્થ માત્ર પ્રેમ નથી, પરંતુ એકબીજાની હાજરીથી જીવનને મળતી પૂર્ણતા છે. આશા અને અભિલાષા વચ્ચે પણ એક સુંદર સંબંધ છે.

હું આશા હોઉં તો અભિલાષા તું
કારણ કે સપનાઓને જીવંત રાખવા માટે કોઈ ખાસ વ્યક્તિનો સાથ જરૂરી બને છે. સંબંધો ત્યારે સાચા લાગે છે, જ્યારે એક વ્યક્તિ સ્વપ્ન જોવે અને બીજી તેને સત્ય બનાવવા માટે સાથે ઊભી રહે.

હું સ્વપ્ન હોઉં તો સત્ય તું
આ શબ્દોમાં વિશ્વાસ, પ્રેમ અને સમર્પણનો સૌથી સુંદર અહેસાસ છુપાયેલો છે.

જીવન એક વહેતું ઝરણું છે.
ક્યારેક શાંત ક્યારેક પ્રચંડ
પણ એ ઝરણાને દિશા આપતી ધાર જો કોઈ હોય, તો એ "તું" છે.
અને અંતે હું સાર હોઉં તો મારો આખો સંસાર તું
કારણ કે કેટલાક લોકો માત્ર સંબંધ નથી હોતા, એ આખું જીવન બની જાય છે.

"હું અને તું" એટલે બે નામ નહીં
પણ એકબીજામાં ઓગળી ગયેલી એવી લાગણીઓ,
જે સમય સાથે વધુ ઊંડી બનતી જાય છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ઉનાળા માટે બાઈક રાઈડિંગ સેફ્ટી ટિપ્સ

ઉનાળાની ધગધગતી બપોર, માથું ફરી જાય તેવો તડકો અને સામેથી આવતી 'લૂ' (ગરમ હવા). આવી સ્થિતિમાં બાઈક ચલાવવું માત્ર એક પ્રવાસ નથી, પરંતુ એક પડકાર બની જાય છે. થોડી જ મિનિટોમાં શરીર થાકી જાય છે, ધ્યાન ભટકે છે અને નાની ભૂલ પણ મોટા અકસ્માતનું કારણ બની શકે છે. ઉનાળામાં બાઈક રાઈડિંગ માત્ર રોડ સેફ્ટી જ નહીં, પરંતુ તમારા સ્વાસ્થ્યની પણ કસોટી કરે છે. ડિહાઈડ્રેશન, ચક્કર અને હીટ સ્ટ્રોક જેવા જોખમો દરેક ક્ષણે સાથે રહે છે. આવી સ્થિતિમાં, ઝડપ સાથે સમજદારી પણ રાખવી જરૂરી છે. ઉનાળામાં વધુ સાવચેતી એટલા માટે જરૂરી છે કારણ કે જોખમ વધુ હોય છે. બાઈક ચલાવવું સ્વાસ્થ્ય અને રોડ સેફ્ટી બંનેની દ્રષ્ટિએ થોડું પડકારજનક હોય છે. ઊંચું તાપમાન શરીર, મગજ અને બાઈક ત્રણેયને અસર કરે છે. ઉનાળામાં બાઈક ચલાવતી વખતે સલામતી અને સ્વાસ્થ્ય માટે કેટલીક વસ્તુઓ સાથે રાખવી જરૂરી છે. આનાથી ગરમીને કારણે અચાનક થતી મુશ્કેલીઓનો સરળતાથી સામનો કરી શકાય છે. ઉનાળામાં બાઈક ચલાવતી વખતે હાઈડ્રેટેડ રહેવું સૌથી જરૂરી છે. શરીરમાં પાણીની કમી થવાથી થાક અને ફોકસમાં ઘટાડો થઈ શકે છે.

**ઉનાળાની ધગધગતી બપોર, માથું ફરી જાય તેવો તડકો અને સામેથી આવતી 'લૂ' (ગરમ હવા). આવી સ્થિતિમાં બાઈક ચલાવવું માત્ર એક પ્રવાસ નથી, પરંતુ એક પડકાર બની જાય છે. થોડી જ મિનિટોમાં શરીર થાકી જાય છે, ધ્યાન ભટકે છે અને નાની ભૂલ પણ મોટા અકસ્માતનું કારણ બની શકે છે.**

આનાથી અકસ્માતનો ખતરો વધે છે. તેથી આ બાબતોનું ધ્યાન રાખો- ઘરથી નીકળતી વખતે 1-2 ગ્લાસ પાણી પીવો. શક્ય હોય તો પાણી સાથે થોડું ORS કે ગ્લુકોઝ પણ લો. નારિયેળ પાણી કે તરબૂચનો શરબત પણ પીને નીકળી શકો છો. તડકામાં નીકળતા પહેલાં આમ પના પીવું એક સારો વિકલ્પ છે. નીકળતી વખતે પાણી સાથે રાખો. પાણીમાં થોડું મીઠું-ખાંડ ઓગાળી લો. રસ્તામાં દર 20 મિનિટે થોડું પાણી પીવો. તરસ લાગવાની રાહ ન જુઓ. ચક્કર, નબળાઈ આવે કે વધુ તરસ લાગે તો તરત રોકાઈ જાઓ. બાઈક ચલાવવાનું ચાલુ ન રાખો. ક્યાંક છાંયડામાં બેસો અને નોર્મલ ફીલ થાય ત્યાં સુધી રાહ જુઓ. બાઈક ચલાવતી વખતે તીવ્ર તડકો અને ગરમ હવા સીધા શરીર પર લાગે છે. તેનાથી ડિહાઈડ્રેશન, થાક અને ચક્કર જેવી સમસ્યાઓ થઈ શકે છે. તેથી યોગ્ય સુરક્ષા અને વચ્ચે-વચ્ચે બ્રેક લેવો ખૂબ જ જરૂરી છે. ઉનાળામાં બાઈક ચલાવવું દરેક માટે પડકારજનક હોય છે. પરંતુ કેટલાક લોકોને વધારાની સાવચેતી રાખવી જોઈએ. જેમ કે- જે હૃદય રોગી છે. જેમને હાઈ BP/લો BP ની સમસ્યા છે. જે ડાયાબિટીક છે. જેમને વધુ પરસેવો થાય છે. જે નિયમિત દવાઓ લે છે. જે શારીરિક રીતે નબળા છે. વૃદ્ધો પ્રેગ્નન્ટ મહિલાઓ. જો ચક્કર, નબળાઈ કે વધુ પડતો થાક અનુભવાય તો તેને અવગણશો નહીં. આ ઓવરહીટ અથવા ડિહાઈડ્રેશનનો સંકેત હોઈ શકે છે. આવા સમયે તરત જ રોકાઈને શરીરને આરામ આપવો અને પોતાને ઠંડુ કરવું જરૂરી છે. આ માટે કેટલાક કામ કરો- તરત સુરક્ષિત જગ્યાએ બાઈક રોકો. હેલ્મેટ ઉતારી દો, માથા પર હવા લાગવા દો. છાંયડામાં કે ઠંડી જગ્યાએ બેસીને આરામ કરો. થોડી વાર પછી પાણી કે ORS ધીમે ધીમે પીવો. ચહેરા અને માથા પર પાણી નાખીને શરીર ઠંડું કરો. જરૂર હોય તો કોઈ વ્યક્તિ પાસેથી મદદ માંગો કે મેડિકલ હેલ્પ લો. હાલત ઠીક ન થાય ત્યાં સુધી ફરીથી રાઈડ શરૂ ન કરો. ઊંચા તાપમાનને કારણે બાઈકના એન્જિન, વાયરિંગ અને ફ્યુઅલ સિસ્ટમ વધુ ગરમ થઈ જાય છે. જો ફ્યુઅલ લીકેજ, ખરાબ વાયરિંગ, ઓવરહિટિંગ અથવા મેન્ટેનન્સનો અભાવ હોય, તો સ્પાર્કથી આગ લાગવાનું જોખમ વધી જાય છે. તેથી લાંબી રાઈડમાં વચ્ચે-વચ્ચે બ્રેક લો. ઉનાળામાં રસ્તા અને ટાયર બંનેનું તાપમાન વધી જાય છે.

# ભારતમાં શહેર સુધરાઈનાં બીજ અમદાવાદમાં રોપાયાં હતાં

**શું તમે જાણો છો કે અમદાવાદની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા ભારતના સર્વપ્રથમ કહી શકાય એવા પ્રજાપ્રેરિત લોકતંત્ર તરીકે જન્મી હતી? આ આખો ઐતિહાસિક સિલસિલો શરૂઆતથી જાણવા જેવો છે. ઓગણીસમી સદીના પૂવાર્ધની આ વાત. અમદાવાદ શહેરનો કોટ ઘણી જગ્યાએથી તૂટી ગયો હતો. ઠેકઠેકાણે ગાબડાં પડી ગયાં હતાં.**

તાજેતરમાં ગુજરાતભરમાં ૧૫ મહાનગરપાલિકાની ચૂંટણી થઈ. શું તમે જાણો છો કે અમદાવાદની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા ભારતના સર્વપ્રથમ કહી શકાય એવા પ્રજાપ્રેરિત લોકતંત્ર તરીકે જન્મી હતી? આ આખો ઐતિહાસિક સિલસિલો શરૂઆતથી જાણવા જેવો છે. ઓગણીસમી સદીના પૂવાર્ધની આ વાત. અમદાવાદ શહેરનો કોટ ઘણી જગ્યાએથી તૂટી ગયો હતો. ઠેકઠેકાણે ગાબડાં પડી ગયાં હતાં. તે વખતના અંગ્રેજ જિલ્લા કલેક્ટર મિસ્ટર બોરડેલે અમદાવાદના પ્રતિષ્ઠિત નાગરિકોની મીટિંગ બોલાવી. કોટનું સમારકામ કરવા માટે નાણાં એકઠાં કરવા પડે તેમ છે તે વિશે ચર્ચા કરી. આ બેઠકના પગલે ૨૧-૪-૧૮૩૧ના રોજ 'ટાઉન વૉલ ફન્ડ કમિટી'ની સ્થાપના કરવામાં આવી. સરકારે તેને કાયદેસરની માન્યતા આપી. સમજોને કે આ જ કમિટીને કારણે ભારતમાં શહેર સુધરાઈનાં બીજ રોપાયાં! ટાઉન વૉલ ફન્ડ કમિટીએ નિર્ણય લીધો: ભંડોળ એકત્રિત કરવા માટે ઘી જેવી ચીજવસ્તુઓ પર એક ટકો વેરો ઊઘરાવો. આ રીતે એ જમાનામાં અઢી લાખ રૂપિયા એકઠા કરવામાં આવ્યા, જેમાંથી અમદાવાદના કોટનું સમારકામ કરવામાં આવ્યું. કમિટીએ સુધરાઈનાં કાર્યો પણ ૧૮૩૪થી શરૂ કરી દીધાં હતાં. ૧૮૫૦માં અંગ્રેજ સરકારે ઘોષણા કરી: જે જૂથને અથવા જે લોકોને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા સ્થાપવી હોય તેમણે સરકારને અરજી કરવી. ૧૮-૮-૧૮૫૨ના રોજ અમદાવાદના ૨૭૧ અગ્રગણ્ય નાગરિકોએ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા સ્થાપવા માટે અરજી કરી. ગોરી સરકારે ચાર વર્ષ પછી, ૧૧-૧૧-૧૮૫૬ના રોજ સ્થાનિક સ્વરાજ્ય માટે ૩૦ સભ્યોનું કમિશન રચ્યું. કમિશનની પહેલી મીટિંગ ૨૩-૧૨-૧૮૫૬ના રોજ મેજિસ્ટ્રેટની કચેરીમાં થઈ. ૧-૧-૧૮૫૭થી કમિશનનો અમલ શરૂ થઈ ગયો. આમ, સ્થાનિક સ્વરાજ્યના વહીવટ માટે કાયદેસર રીતે 'અમદાવાદ શહેર સુધરાઈ'ની સ્થાપના આ દિવસે થઈ. ૧૮૭૩માં સ્થાનિક સ્વરાજ્ય માટે 'બોમ્બે ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ એક્ટ-સિક્સ' આવ્યો. તેથી આ સંસ્થા હવે 'સિટી મ્યુનિસિપાલિટી' તરીકે આળખાવા લાગી. ૧૮૮૪માં કાયદામાં સુધારો કરવામાં આવ્યો. તે અનુસાર, ૧૫-૯-૧૮૮૫ના રોજ મ્યુનિસિપાલિટી બોર્ડની રચના થઈ, જેમાં ૨૫ સભ્યો હતા. અમદાવાદના સિટી મ્યુનિસિપાલિટીના પ્રથમ પ્રમુખ તરીકે અંગ્રેજ સરકારે શેઠ રણછોડલાલ છોટાલાલની નિમણૂક કરી. વર્ષો સુધી સરકાર ખુદ પ્રમુખોની સીધી નિયુક્તિ કરતી રહી, પણ ૧૯૧૫માં પહેલી વાર પ્રજાકીય મ્યુનિસિપાલિટી અસ્તિત્ત્વમાં આવી. ૧૯૧૬માં જાણીતા સાહિત્યકાર રમણભાઈ મહીપતરામ નીલકંઠને પ્રમુખ બનાવવામાં આવ્યા. ૯-૨-૧૯૨૪ના રોજ અમદાવાદ મ્યુનિસિપાલિટીના ચૂંટાઈ આવેલા પ્રમુખ કોણ હતા?



સરદાર વલ્લભભાઈ પટેલ! વલ્લભભાઈની કામગીરીની પ્રશંસા તો મુંબઈ સરકારે પણ કરેલી. ઈન ફેક્ટ, સાયમન કમિશનના રિપોર્ટમાં રીતસર આ નોંધ જોવા મળે છે: 'અમદાવાદ મ્યુનિસિપાલિટીના સ્વરાજ્ય પક્ષના નેતા શ્રીયુત વલ્લભભાઈ પટેલે લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ મારફતે જે સુંદર અને કાર્યક્ષમ વહીવટ ચલાવ્યો, તેના પરથી અમને ખાતરી છે કે આ પ્રાંતના લોકો પ્રાંતીય સ્વાતંત્ર્ય માટે જરૂરી કાબેલિયત ધરાવે છે.' આવી કાબેલ પ્રજા પોતાની સ્વતંત્ર અસ્મિતા માટે આગ્રહ કેમ ન રાખે? ગુજરાતમાં એક તબક્કે મરાઠાઓનું રાજ હોવાથી બ્રિટીશ શાસનમાં પ્રાંતોની રચના થઈ ત્યારે ગુજરાતને મુંબઈ રાજ્યમાં સમાવવામાં આવ્યું હતું. દેશ આઝાદ થયો પછી ૧૯૫૬માં તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ આકાશવાણીમાં ઘોષણા કરી: મુંબઈ શહેરનો વહીવટ અલાયદી રીતે કરવામાં આવશે, સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતનું ગુજરાતનું અલગ રાજ્ય બનશે અને વિદર્ભ સહિત મહારાષ્ટ્રનું અલગ રાજ્ય બનશે. ગુજરાત અને ગુજરાતીઓ પંડિતજીની આ વાત સાંભળીને રાજી રાજી થઈ ગયા... પણ એમના રાજીપો વધારે ન ટક્યો. લોકસભાના બહુમતી સભ્યો કશુંક જુદું ઈચ્છતા હતા. ૭-૮-૧૯૫૬ના રોજ સંસદે ઘોષણા કરી: ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ નહીં પડે, બલકે દ્વિભાષી રાજ્યની રચના કરવામાં આવશે. ગુજરાત ચોંકી ઉઠયું. ગુજરાતને સ્વતંત્રપણે પોતાનો વિકાસ કરવાની તક જોઈતી હતી, જે આ ઘોષણાને કારણે રોળાઈ જતી દેખાઈ. ગુજરાતી પ્રજાનો આક્રોશ જાગી ઉઠયો ને બસ, મહાગુજરાત આંદોલનનાં બીજ રોપાઈ ગયાં. તે પછી જે કંઈ થયું તે જાણીતો ઈતિહાસ છે. ગુજરાતનાં નાનાં નાનાં બાળકો પણ સૂત્રોચ્ચાર કરતાં હતાં કે, 'લાઠી ગોલી ખાયંગે, મહાગુજરાત લે કર રહેંગે'! ખૂબ બધી હિંસા અને સંઘર્ષ બાદ આખરે ૧૯-૪-૧૯૬૦ના રોજ દેશની સંસદે મુંબઈ રાજ્યના વિભાજનનું બિલ પસાર કર્યું. ૨૫-૪-૧૯૬૦ના રોજ રાષ્ટ્રપતિએ તેના પર સહી કરી અને ૧-૫-૧૯૬૦થી ગુજરાત અને મહારાષ્ટ્ર અમે બે સ્વતંત્ર રાજ્યો અસ્તિત્ત્વમાં આવ્યાં. ૩ વર્ષ, ૭ મહિના અને ૨૪ દિવસના સંઘર્ષ બાદ ગુજરાતીઓ પોતાનું સ્વતંત્ર રાજ્ય મેળવીને રહ્યા. ગુજરાતની રચનાને ગઈ કાલે, ૧-૫-૨૦૨૬ના રોજ, ૬૬ વર્ષ પૂરાં થયાં! ઉપર ગુજરાતના મરાઠા શાસનનો ઉલ્લેખ થયો. આ સમયકાળની એક રસપ્રદ ઘટના સાંભળો. ૧૭૭૮માં પેશ્વા વતી કરશનદાસ ભીમરાવ શેલુકર નામના મહાશયને સૂબો બનાવીને અમદાવાદ મોકલવામાં આવ્યો હતો. એ સ્વભાવે ક્રૂર અને ઐયાશ. શેલુકરના ગેરવહીવટથી અમદાવાદની પ્રજા ત્રાસી ગઈ હતી. શેલુકરે અમદાવાદમાંથી ગાયકવાડનો પગ કાઢવાનો કારસો રચ્યો. તક મળતાં જ એણે ગાયકવાડની હવેલી પર ચડાઈ કરી અને તેનો કબ્જો કરી લીધો. વસ્તુસ્થિતિની જાણ થતાં જ ગાયકવાડે પૂના ખાતે પેશ્વાને સંદેશો મોકલ્યો: તમારો સુબો શેલુકર હવે હદ વટાવી ગયો છે. એનો કશોક બંદોબસ્ત કરવો પડશે! ગાયકવાડે પરવાનગી આપી: તમે શેલુકરને પકડીને પૂના મોકલી દો. ગાયકવાડે વડોદરાથી શિવરામ ગાર્ડીની આગેવાની હેઠળ લશ્કર મોકલ્યું. લશ્કર અમદાવાદ નજીક પહોંચી ગયું ત્યાં સુધી શેલુકરને ખબર ન પડી. ક્યાંથી પડે? એ તો નાચગાનના જલસામાં મસ્ત હતો. આખરે કોઈએ એમને પકડીને સમાચાર આપ્યા: ભાનમાં આવો, ગાયકવાડનું લશ્કર અમદાવાદ આવી પહોંચ્યુ છે. શેલુકર નફિકરાઈથી કહે: ભલે આવ્યું... આવવા દો! ગાયકવાડના લશ્કરે જમાલપુરના દરવાજેથી શહેરમાં પ્રવેશ કર્યો. પછી ભદ્ર તરફ કૂચકદમ કરવા લાગ્યું. હવે શેલુકરને પરિસ્થિતિની થોડીઘણી ગંભીરતા સમજાઈ. એણે હુકમ કર્યો: ભદ્રના દરવાજા બંધ કરો! પણ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. ગાયકવાડના સો જેટલા સૈનિકો ભદ્રના દરવાજામાંથી અંદર પેઠા અને શેલુકર જે જગ્યાએ નાચગાનમાં તલ્લીન હતો ત્યાં પહોંચી ગયા. એને બેડી પહેરાવીને અમદાવાદમાં ૧૬ દિવસ સુધી કેદ કરવામાં આવ્યો. ત્યાર બાદ એને પૂના મોકલી દેવામાં આવ્યો. આ કેવી વક્રતા. શેલુકર પાસે મોટું લશ્કર હતું, આમ છતાં મોજ-શોખ અને ભોગવિલાસમાં સરી પડવાને કારણે એણે સત્તા ખોવી પડી. તેથી જ લોકો કહેવા લાગ્યા કે, 'હાથમાં દંડો, બગલમાં મોઈ, હવેલી લેતાં ગુજરાત ખોઈ.' અહીં હવેલી એટલે ગાયકવાડની હવેલી, જે શેલુકરે બળજબરીથી કબ્જામાં લઈ રાખી હતી. 'હવેલી લેતાં ગુજરાત ખોઈ' કહેવતનો જન્મ આ રીતે થયો!

# આતંકવાદી બટાલિયનો દ્વારા પાકિસ્તાન યુદ્ધે ચડેલું છે

**પાકિસ્તાન હસ્તકના કાશ્મીરમાં ચીની લશ્કરી અફસરો ઉપસ્થિત હોય છે અને એ હવે કોઈ નવી વાત નથી. ચીનનો હેતુ એ પ્રદેશ કાયમ માટે પાકિસ્તાન પાસેથી પડાવી લેવાનો છે. ચીનના હસ્તક્ષેપને કારણે જ કાશ્મીરમાં આતંકવાદી હુમલાઓ વધી ગયા છે. એનાથી એક વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે કાશ્મીરમાં પરિસ્થિતિ બહુ જ વણસી ગઈ છે અને રાજ્ય કે કેન્દ્ર સરકારના અંકુશ બહાર છે.**

પાકિસ્તાન હસ્તકના કાશ્મીરમાં ચીની લશ્કરી અફસરો ઉપસ્થિત હોય છે અને એ હવે કોઈ નવી વાત નથી. ચીનનો હેતુ એ પ્રદેશ કાયમ માટે પાકિસ્તાન પાસેથી પડાવી લેવાનો છે. ચીનના હસ્તક્ષેપને કારણે જ કાશ્મીરમાં આતંકવાદી હુમલાઓ વધી ગયા છે. ભારતીય સૈન્યના હાથ શું કોઈક રહસ્યમય કારણસર બંધાયેલા છે? એક પછી એક ઘટનાઓ એવી રીતે આકાર લેતી આવી છે કે જેમાં એક તરફ સરકાર દ્વારા આતંકવાદીઓનો સફાયો થતો હોવાના વૃત્તાંત વહેતા થાય છે, તો બીજી તરફ આપણા સૈનિકો અને પોલીસ જવાનો શહીદ થઈ રહ્યા છે. એનાથી એક વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે કાશ્મીરમાં પરિસ્થિતિ બહુ જ વણસી ગઈ છે અને રાજ્ય કે કેન્દ્ર સરકારના અંકુશ બહાર છે. છેલ્લા છ- સાત મહિનામાં એવો એક પણ માસ પસાર થયો નથી કે આતંકવાદીઓએ સૈનિકો કે પોલીસનું અપહરણ કરીને હત્યાચાર ન આચર્યો હોય. આતંકવાદીઓ નિયમિત રીતે સુરક્ષા છાવણીઓ પર હુમલો કરી રહ્યા છે. આ પ્રકારની ઘટનાઓ દ્વારા આતંકવાદીઓ કાશ્મીરમાં બેફિકર થઈ પોતાના અસ્તિત્વનો છડીપોકાર કરી રહ્યા છે છતાં કેન્દ્રની એનડીએ સરકાર આશ્ચર્યજનક રીતે ઠંડક રાખે છે.

ભાજપની ધમની અને શિરાઓમાં આટલો બધો બરફ જામી ગયો હશે તેની ભારતીય પ્રજાએ અગાઉ તો કદી કલ્પના પણ કરી ન હતી. અત્યારે બધાનું ધ્યાન ચીન સાથેના સંઘર્ષ તરફ છે એનો ગેરલાભ લઈને પાકિસ્તાને સરહદે ઘુસણખોરી વધારી છે. જે નવાં બંકરો અને શસ્ત્રો તથા ભૂગર્ભ ટનલો મળે છે તે બતાવે છે કે પરિસ્થિતિ કઈ હદ સુધી વણસી ગઈ છે. આતંકવાદીઓના માધ્યમથી પાકિસ્તાન હવે કાશ્મીરમાં એક ટેરર વોર જ લડી રહ્યું છે. સમગ્ર દેશનું ધ્યાન ચીની સર હદે અથવા કાશ્મીર સરહદ તરફ જ રહે અને અન્ય પ્રવર્તમાન સમસ્યાઓને પ્રજા વિસરી જાય એવી મૂર્ખતાપૂર્ણ ફૂટનીતિનો તો કોઈ પ્રયોગ કરી રહ્યું નથી ને? - એવી



શંકા દેશના બુદ્ધિજીવીઓ વ્યક્ત કરવા લાગ્યા છે. કારણ કે આતંકવાદીઓ તમામ પ્રકારની હદ ઓળંગી ગયા છે. ભારતીય લશ્કર, પોલીસ, નિર્દોષ નાગરિકો અને જવાનના હત્યાકાણ્ડ સુધીની તેમની બર્બરતાએ અત્યારે કાશ્મીરમાં હાહાકાર મચાવેલો છે. દેશની મોટા ભાગની ટેલિવિઝન ચેનલો પર તમામ ઘટનાક્રમમાં પાકિસ્તાન પર દોષારોપણ કરવા સિવાયની કોઈ વાત નથી, જે છેલ્લાં પચીસ વરસથી વાગતી જૂની રેકર્ડ અને હકીકત છે. પાકિસ્તાને આતંકવાદીઓની સ્વાયત દસ- બાર બટાલિયનો તૈયાર કરેલી છે. દરેક બટાલિયનમાં કમાન્ડર અને કમાન્ડો કક્ષાના તાલીમબદ્ધ આતંકવાદીઓ મૂકેલા છે. છેલ્લા છ મહિનામાં પાકિસ્તાને કાશ્મીરમાં જાસૂસીની વિકરાળ જાળ ફેલાવી છે. રાજ્ય પોલીસનો કયો કર્મચારી કઈ તારીખે રજા લઈ વતનમાં આવે છે તેની સંપૂર્ણ માહિતી એડવાન્સમાં આતંકવાદીઓ પાસે પહોંચી જાય છે. કાશ્મીરના ગ્રામીણ વિસ્તારોમાં ધાકધમકી અને લોભલાલચથી ગ્રામજનોને વશમાં લઈ આતંકવાદી જૂથોએ માહિતી મેળવવા માટે વ્યાપક જાળ બિછાવેલી છે. કેટલાક ગ્રામજનો તો એમ માની રહ્યા છે કે કાશ્મીર હવે પાકિસ્તાનમાં જોડાઈ ગયું છે. તેઓના પર આતંકવાદીઓ સતત ટોર્ચરિંગ કરી રહ્યા છે. ચાર વરસ પહેલા કાશ્મીરમાં એક નાનકડું જૂથ હતું જેને અલગાવવાદી તરીકે ઓળખવામાં આવતું હતું.

આજે 'અમારે ભારતમાં રહેવું છે' અથવા તો 'અમે ભારતીય છીએ' એમ કહેનારું કોઈ નથી અને જેઓ કહે છે તે દંભી છે એમ નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા ખુદ જાહેરમાં કહેતા હતા. છે. તેઓની પ્રવૃત્તિઓ પણ અલગાવવાદી તરફ કૂણું વલણ દાખવવાની જ રહી હતી. કાશ્મીરમાં આતંકવાદીઓ દ્વારા સર્જાતા હત્યાકાંડથી ફારુક અબ્દુલ્લા અને પીડીપી નેતા મહેબુબા મુફ્તી કોઈ આઘાત અનુભવતા ન હતા અને કોઈ પણ પ્રકારનું નિવેદન આપતા ન હતા. કારણ સ્પષ્ટ છે કે તેઓ પરદા પાછળથી તમામ અલગતાવાદીઓને ટેકો આપી રહ્યા હતા. દુનિયાના કોઈ પણ પ્રદેશમાં સૈનિકો પર પથ્થરમારો કરનારા પરની તમામ પોલીસ ફરિયાદો સરકાર પાછી ખેંચી લે તો ખરેખર તો એ ક્ષણે જ એ પ્રદેશ પથ્થરબાજો કે આતંકીઓને સમર્પિત થયો કહેવાય. કાશ્મીરમાં બહુ પહેલાથી ભાજપે ભૂલોનો હિમાલય ઉભો કર્યો છે. કોંગ્રેસની પણ ભૂલો હતી અને પાયાની ભૂલો હતી, પરંતુ ભાજપે કેન્દ્રમાં સત્તામાં હોય છતાં કાશ્મીર પ્રશ્ને આટલી હદની ઉપેક્ષા, ઉદાસી અને આળસ દાખવે એ જ બતાવે છે કે ભાજપની નીતિઓના ઘડવૈયા કોઈક રહસ્યમય સકંજામાં સપડાયેલા છે અથવા તો તેમની રાજનીતિ જ દુર્જનોને તાબે થઈ ગયેલી છે. કાશ્મીરમાં ભારત સરકારની નિષ્ફળતાને આખો દેશ જોઈ રહ્યો છે.

# શેરબજારમાં બાય-બેકનું ચલણ, તો માઈક્રોસોફ્ટમાં બાયઆઉટ

**ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી ક્ષેત્રે બહુ જાણીતી એવી કંપની માઈક્રોસોફ્ટે તેના સ્ટાફના બાયઆઉટની જાહેરાત કરી હોવાથી આશ્ચર્ય સર્જાયું છે. લોકો શેરબજારની બાયબેક સિસ્ટમ વિશે જાણે છે, પરંતુ સ્ટાફના બાયઆઉટની વાત પ્રમાણમાં ઓછી જાણીતી છે. માઈક્રોસોફ્ટ તેના કર્મચારીઓને બાયઆઉટ (Buyout) ઓફર કરી રહ્યું છે.**

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રે બહુ જાણીતી એવી કંપની માઈક્રોસોફ્ટે તેના સ્ટાફના બાયઆઉટની જાહેરાત કરી હોવાથી આશ્ચર્ય સર્જાયું છે. લોકો શેરબજારની બાયબેક સિસ્ટમ વિશે જાણે છે, પરંતુ સ્ટાફના બાયઆઉટની વાત પ્રમાણમાં ઓછી જાણીતી છે. માઈક્રોસોફ્ટ તેના કર્મચારીઓને બાયઆઉટ (Buyout) ઓફર કરી રહ્યું છે. આપણે જેને સ્વૈચ્છીક નિવૃત્તિ કહીએ છીએ તેને અને બાયઆઉટને મા-માસી જેવો સંબંધ છે. સામાન્યપણે બાયઆઉટ એટલે એક એવો વ્યવહાર જેમાં એક પક્ષ બીજી કંપનીમાં નિયંત્રિત હિસ્સો અથવા માલિકી હસ્તગત કરે છે. જોકે, માઈક્રોસોફ્ટને લગતા તાજેતરના સમાચારોના સંદર્ભમાં, બાયઆઉટનો અર્થ કર્મચારીઓ માટેની સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના છે. આ એક એવું નાણાકીય પેકેજ છે જે સ્ટાફને સ્વેચ્છાએ કંપની છોડવા માટે પ્રોત્સાહિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આખું ટેક જગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઉછાળાને કારણે આવતા મોટા ફેરફારો સામે ઝઝૂમી રહ્યું છે અને હકાલપટ્ટીનો માર ઝીલી રહ્યું છે.

દુનિયામાં જ્યારે છટણી કરવાનો ટ્રેન્ડ શરૂ થયો છે ત્યારે માઈક્રોસોફ્ટે થોડો અલગ અભિગમ અપનાવ્યો છે. માઈક્રોસોફ્ટ તેના કેટલાક અમેરિકન કર્મચારીઓને બાયઆઉટ ઓફર કરશે. ૫૧ વર્ષ જૂની આ દિગ્ગજ કંપની માટે આ પ્રથમ ઘટના છે. એક અહેવાલ મુજબ, માઈક્રોસોફ્ટના અમેરિકા ખાતેના કુલ કર્મચારીઓમાંથી લગભગ ૭% કર્મચારીઓ બાયઆઉટ માટે પાત્રતા ધરાવે છે. ગુરુવારે એક મેમોમાં જાહેર કરાયેલ આ વન-ટાઈમ રિટાયરમેન્ટ પ્રોગ્રામ છે, જે સીનિયર ડિરેક્ટર અને




તેનાથી નીચેના લેવલ પર કામ કરતા અમેરિકન કર્મચારીઓને લાગુ પડશે.

જેમની નોકરીના વર્ષો અને ઉંમરનો સરવાળો ૭૦ કે તેથી વધુ થાય છે, તેવા કર્મચારીઓ તેનો લાભ લઈ શકશે. એમ્પ્લોયી બાયઆઉટ એટલે કંપની દ્વારા આપવામાં આવેલી સ્વૈચ્છિક રીતે નોકરી છોડવાનો એક વિકલ્પ, જ્યાં કામદારોને તેમની નોકરી છોડવા માટે નાણાકીય પ્રોત્સાહન આપવામાં આવે છે.

લેઓફ (છટણી)થી આ વિપરીત સ્થિતિ છે. લેઓફમાં કર્મચારીઓને જવાનું કહેવામાં આવે છે, જ્યારે બાયઆઉટ કર્મચારીઓને પસંદગીની તક આપે છે. બાયઆઉટની ઓફર સ્વીકારનાર કર્મચારીને એકસાથે સારી એવી રકમની ચુકવણી થશે, કંપની તરફથી અપાતા વિવિધ લાભો પણ મળશે. જે કર્મચારીઓ બાયઆઉટના નેજા હેઠળ આવે છે તેમને ૭ મેના રોજ વિગતો પ્રાપ્ત થઈ જશે. વહેલી નિવૃત્તિના વિશે આમેય વિચારી રહેલા કર્મચારીઓ માટે આ એક આસાન અને આકર્ષક સ્કીમ છે. દેખીતી રીતે જ આ સ્ટાફ ઘટાડવાનો પ્રયાસ છે. બાયઆઉટનો ઉપયોગ ત્યારે કરવામાં આવે છે જ્યારે કંપનીઓ છટણીનો આશરો લીધા વિના ખર્ચ ઘટાડવા અને નવી ટીમ ઉભી કરવા માંગતી હોય. સામાન્ય રીતે વ્યવસાયમાં મંદી હોય, અન્ય ઉદ્યોગ પર શિફ્ટ થવું હોય, કંપની નવેસરથી માળખું તૈયાર કરાતું હોય ત્યારે બાયઆઉટની જરૂર પડે છે. માઈક્રોસોફ્ટના કિસ્સામાં, આ પગલું એવા સમયે આવ્યું છે જ્યારે ટેક ઉદ્યોગ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સંચાલિત મોટા પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે. માઈક્રોસોફ્ટ કંપની ડેટા સેન્ટર્સ અને ઈં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારે રોકાણ કરી રહી છે, જેના કારણે તે સ્ટાફને ઓછો કરી રહી છે. ૨૦૨૫ સુધીમાં માઈક્રોસોફ્ટ પાસે લગભગ ૨૨૮,૦૦૦ કર્મચારીઓ હતા, જેમાં અંદાજે ૧૨૫,૦૦૦ અમેરિકામાં હતા.

કંપની તાજેતરના વર્ષોમાં પહેલેથી જ છટણીના અનેક રાઉન્ડમાંથી પસાર થઈ ચુકી છે. બાયઆઉટ પ્રોગ્રામ હેઠળના ફેરફારો કંપનીનો નવો અભિગમ સૂચવે છે. એઆઈનો ઉદય માત્ર પ્રોડક્ટ્સ જ નથી બદલી રહ્યો, તે નોકરીઓ પણ બદલી રહ્યો છે. જેમ જેમ કંપનીઓ ઓટોમેશન અને નવી ટેકનોલોજીમાં વધુ રોકાણ કરે છે, તેમ તેમ ભૂમિકાઓ બદલાતી જાય છે. અચાનક નોકરીમાં કાપ મૂક્યા વિના મોટા ફેરફારને મેનેજ કરવા માટે બાયઆઉટ એક સ્વીકાર્ય માર્ગ બની રહ્યો છે.

### સુરેન્દ્રનગરમાં ખનીજ માફિયાઓ પર ત્રાટકી ખાણ-ખનીજ વિભાગની ટીમ

# કરોડોની ખનીજચોરી ઝડપાઈ, રૂા.1.10 કરોડનો મુદ્દામાલ સીઝ

સુરેન્દ્રનગર

ઝાલાવાડની ધરતી પર બેફામ બનેલા ખનીજ માફિયાઓ વિરુદ્ધ સુરેન્દ્રનગર ખાણ-ખનીજ વિભાગે લાલ આંખ કરી છે. સાયલા તાલુકાના ચોરવીરા ગામની સીમમાં ચાલી રહેલી ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિ પર વહેલી સવારે ત્રાટકેલી ટીમે કરોડો રૂપિયાની ખનીજચોરીનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં કુલ 1.10 કરોડનો મુદ્દામાલ જપ્ત કરી ખાણિયાઓમાં ફફડાટ ફેલાવી દીધો છે.





-ખનીજ વિભાગને લાંબા સમયથી ફરિયાદો મળી રહી હતી કે સાયલા પંથકમાં રાતના અંધારામાં ભૂસ્તર સંપત્તિની ચોરી કરવામાં આવી રહી છે. બાતમીના આધારે અધિકારીઓની ટીમે ચોરવીરા ગામની સીમમાં ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસ અને ખનીજ વિભાગના કાફલાને જોઈને ખનીજ માફિયાઓમાં નાસભાગ મચી ગઈ હતી.

ઘટનાસ્થળે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે કોઈપણ મંજૂરી વગર મોટા પાયે કાર્બોસેલ અને પથ્થરનું ગેરકાયદે ખનન કરવામાં આવી રહ્યું હતું. વિભાગે નીચે મુજબની કાર્યવાહી કરી છે:

હિટાચી મશીન અને ડમ્પર: ખનન માટે વપરાતા ભારેખમ મશીનો અને વાહનો સીઝ કરવામાં આવ્યા છે.

કિંમત: જપ્ત કરાયેલા મુદ્દામાલની અંદાજિત કિંમત 1,10,00,000 (એક કરોડ દસ લાખ) આંકવામાં આવી છે.

દંડની કાર્યવાહી: સ્થળ પરથી મળેલા ખનીજના જથ્થાની માપણી હાથ ધરવામાં આવી છે અને જવાબદારો સામે કરોડો રૂપિયાનો દંડ ફટકારવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે.સુરેન્દ્રનગર જિલ્લામાં ખનીજ ચોરી એ એક કાયમી સમસ્યા રહી છે, પરંતુ ખાણ-ખનીજ વિભાગની આ તાજેતરની કડક કાર્યવાહીથી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં પણ સાયલા, મૂળી અને થાન પંથકમાં આવા જ આકરા દરોડા પાડવામાં આવશે.

### ડભોઈમાં વીજ કંપનીની બેદરકારી

# તરસાણા-વસઈ વચ્ચે ખેતરમાં મોતના ફાંદા સમા લટકતા વાયરો

#### MGVCLના નમી ગયેલા થાંભલા અને ટ્રાન્સફોર્મરથી ખેડૂતોના જીવ જોખમમાં, રજૂઆત છતાં તંત્ર મૌન

ડભોઇ

ડભોઇ તાલુકાના તરસાણા અને વસઈ વચ્ચે આવેલા ખેતી વિસ્તારમાં હાલમાં ભયજનક પરિસ્થિતિ સર્જાઈ છે. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) ની ઘોર બેદરકારીના કારણે ખેડૂતો પોતાના જીવના જોખમે ખેતી કરવા મજબૂર બન્યા છે.



તરસાણા મુકામે સર્વે નંબર 84ની જમીનમાં આવેલ ટ્યુબવેલ નજીક વીજ થાંભલાઓ અને ટ્રાન્સફોર્મર પાયામાંથી નમી ગયા છે, જેના કારણે હાઈવોલ્ટેજ વીજ વાયરો ખેતરમાં ખૂબ નીચે સુધી લટકી રહ્યા છે. આ સ્થિતિ કોઈપણ સમયે મોટી દુર્ઘટનાને આમંત્રણ આપી રહી છે.

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ, નમી ગયેલા થાંભલાઓને કારણે ખેતરમાં કામ કરવું મુશ્કેલ બની ગયું છે. મજૂરો માટે ખેતરમાં પ્રવેશ કરવો જોખમી બન્યો છે, જ્યારે ટ્રેક્ટર જેવી ખેતીની મશીનરી ચલાવવી પણ અશક્ય બની ગઈ છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે તેઓએ MGVCLના અધિકારીઓને અનેક વખત મૌખિક અને લેખિત રજૂઆતો કરી છે. તાજેતરમાં ફરી એકવાર પત્ર દ્વારા જાણ કરવામાં આવી હોવા છતાં કોઈ અધિકારી સ્થળ પર આવી તપાસ કરવા તૈયાર નથી. ગ્રામજનો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું તંત્ર કોઈ મોટી જાનહાનિની રાહ જોઈ રહ્યું છે? જો કોઈ માણસ કે પશુ આ લટકતા વાયરોની ઝપેટમાં આવશે તો તેની જવાબદારી કોણ લેશે? હાલ તરસાણા અને આસપાસના વિસ્તારોમાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# અંબાજી મંદિરમાંથી નોટોનું બંડલ ચોરતો કર્મચારી ઝડપાયો

અંબાજી

અંબાજી મંદિરમાંથી નોટોનું બંડલ ચોરી કરતા એક હંગામી કર્મચારીને ઝડપી પાડવામાં આવ્યો છે. આ ઘટના મંગળવારે બપોરે ભંડાર કક્ષમાં ભંડાર ગણતરી ચાલી રહી હતી ત્યારે બની હતી.મંદિરમાં લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં ફરજ બજાવતો હંગામી કર્મચારી ચિરાગ ઠાકોર બાથરૂમ ગયો ત્યારે તેના હાથમાંથી નોટોનું બંડલ પડી ગયું હતું. અન્ય કર્મચારીઓએ આ જોઈને તાત્કાલિક અધિકારીઓને જાણ કરી હતી.મંદિરના હિસાબી અધિકારીએ અંબાજી પોલીસ મથકે ચિરાગ ઠાકોર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેની પાસેથી 208 નોટો મળી આવી હતી, જેની કુલ રકમ રૂ. 1,04,000 થાય છે. પોલીસે આરોપી ચિરાગ ઠાકોરની ધરપકડ કરી છે.



મંદિર ટ્રસ્ટ દ્વારા ચોરી થયેલી આ રકમ એચડીએફસી બેંકમાં જમા કરાવવામાં આવી છે. અંબાજી મંદિરમાં દર મંગળવારે સીસીટીવી કેમેરાની હાજરીમાં કાયમી અને હંગામી કર્મચારીઓ તેમજ સુરક્ષા જવાનોની હાજરીમાં ભંડાર ગણતરી કરવામાં આવે છે. ત્યારે અંબાજી મંદિર કોઈ પણ પ્રકારની ભરતી પ્રક્રિયા વગર જ મંદિરના ગર્ભગૃહમાં કાવડિયાઓ ગેરકાયદેસર ફરજ બજાવી રહ્યા છે ત્યારે મંદિરના ગર્ભગૃહમાં આવો કોઈ બનાવ બનશે તો જવાબદારી મંદિર ટ્રસ્ટના વહીવટદાર ની કે પછી ગાદીના ભટ્ટજીઓની? અંબાજી મંદિરમાં ચિરાગ ઠાકોર જેવો બનાવ ન બને તે પહેલાં ગેરકાયદેસર ગર્ભગૃહમાં ફરજ બજાવતા કાવડિયાઓ ને છુટ્ટા કરવામાં આવે નહીં તો તબેલામાં થી ઘોડા છુટયા પછી તાળાં મારવાં દોડવું પડે જેવો ઘાટ ન સર્જાયા તે પહેલાં કોઈ પણ પ્રકારની ભરતી પ્રક્રિયા વગર મંદિરના ગર્ભગૃહમાં ફરજ બજાવતા કાવડિયાઓ ને છુટ્ટા કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

### મહેસાણા સાયબર ક્રાઇમની મોટી સફળતા

# લોન અપાવવાના બહાને લાખોની ઠગાઈ કરતો રીઢો ગુનેગાર રૂષભ પટવા ઝડપાયો

મહેસાણા

ગુજરાત સહિત દેશભરના ભોળા નાગરિકોને પોતાની જાળમાં ફસાવી નાણાકીય છેતરપિંડી આચરતા એક શાતિર ઠગને મહેસાણા સાયબર ક્રાઈમ પોલીસે દબોચી લીધો છે. ક્રેડિટ કાર્ડ સેટલમેન્ટ અને સસ્તી લોન અપાવવાના બહાને લાખો રૂપિયા ખંખેરનાર આરોપીની ધરપકડ બાદ ચોંકાવનારા ખુલાસા થયા છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ઝડપાયેલ આરોપી રૂષભકુમાર મુકેશભાઈ પટવા (રહે. મહેસાણા) એ અલગ-અલગ 11 બેંકોમાં કુલ 12 જેટલા ખાતાઓ ખોલાવ્યા હતા. ટેકનિકલ એનાલિસિસમાં જાણવા મળ્યું કે: આરોપી વિરુદ્ધ સમગ્ર ભારતમાં કુલ 15 જેટલી સાયબર ક્રાઈમની ફરિયાદો નોંધાયેલી છે. તેણે અત્યાર સુધીમાં અંદાજે 19,00,000 (ઓગણીસ લાખ) જેટલી રકમ સાયબર ફ્રોડ દ્વારા પડાવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે તે 12 મુખ્ય ખાતાઓ ઉપરાંત અન્ય 5 બેંક ખાતાઓ અને 5 અલગ-અલગ મોબાઈલ નંબરોનો સક્રિયપણે ઉપયોગ કરતો હતો. આ કેસમાં સૌથી આશ્ચર્યજનક વિગત એ છે કે, આરોપીએ પકડાઈ જવાની બીકે અને પૈસા બચાવવા માટે એક માસ્ટર પ્લાન ઘડ્યો હતો. તેણે NCCRP પોર્ટલ પર પોતે જ ભોગ બન્યો હોવાનો ડોળ કરી 77.52 લાખનું ફ્રોડ થયું હોવાની ખોટી ફરિયાદ નોંધાવી હતી. આરોપીનો ઈરાદો: ખોટી ફરિયાદ દ્વારા વર્ષ 2023થી કરેલા તમામ ટ્રાન્જેક્શનની રકમ ફ્રીજ કરાવી દેવી અને ત્યારબાદ કોર્ટ ઓર્ડર મેળવીને આ રકમ કાયદેસર રીતે પરત મેળવવી.




# મેઘરજ મામલતદાર કચેરીના રેવન્યુ તલાટી 5 હજારની લાંચ લેતા ઝડપાયા

અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં ફરી એકવાર ભ્રષ્ટાચારનો કિસ્સો સામે આવ્યો છે. મેઘરજ મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવતા રેવન્યુ તલાટી ગુમાનસિંહ ભુપેન્દ્રસિંહ વાઘેલાને રૂ. ૫,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવતા સરકારી તંત્રમાં ભારે ચકચાર મચી ગઈ છે.

માહિતી મુજબ, અરજદારના કામ બદલ આરોપી દ્વારા લાંચની માંગ કરવામાં આવી હતી. સમગ્ર મામલે ફરિયાદ મળતા એન્ટી કરપ્શન તંત્રએ જાળ બિછાવી કાર્યવાહી હાથ ધરી હતી.

ટ્રેપ દરમિયાન આરોપી રેવન્યુ તલાટીને લાંચની રકમ સ્વીકારતા ઝડપી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ઘટનાના પગલે સ્થાનિકોમાં પણ ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે.

લોકોનો સવાલ છે કે સામાન્ય નાગરિકને પોતાના હક્કના કામ માટે પણ લાંચ આપવાની ફરજ કેમ પડે? શું સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર હવે વ્યવસ્થાનો ભાગ બની ગયો છે?



આ ઘટનાએ ફરી એકવાર સરકારી તંત્રની કામગીરી અને પારદર્શકતા સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. હવે લોકો માંગ કરી રહ્યા છે કે આવા ભ્રષ્ટ અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે જેથી સામાન્ય જનતાનો વિશ્વાસ તંત્ર ઉપર યથાવત્ રહે.

હાલ સંબંધિત તંત્ર દ્વારા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# ડભોઈના સેજપુરા ગામમાં ગંદકીનો કહેર : 8 મહિનાથી ઉભરાતી ગટર, ગ્રામજનો ત્રાહિમામ

#### સ્વચ્છ ભારતના દાવાઓ વચ્ચે નર્ક જેવી સ્થિતિ, સરપંચ અને તંત્ર સામે ગ્રામજનોમાં રોષ

ડભોઇ

ડભોઈ તાલુકાના સેજપુરા ગામમાં છેલ્લા આઠ મહિનાથી ગંદકી અને ગટરના પાણીની ગંભીર સમસ્યા ઉભી થઈ છે, જેના કારણે ગામજનોનું જનજીવન નર્ક સમાન બની ગયું છે. એક તરફ સરકાર સ્વચ્છ ભારત અભિયાન પાછળ કરોડો રૂપિયા ખર્ચી રહી છે, ત્યારે બીજી તરફ સેજપુરાની વાસ્તવિકતા ચોંકાવનારી છે.

ગામમાં ગટરના ગંદા પાણી રસ્તાઓ અને ઘરોની આસપાસ ઉભરાઈ રહ્યા છે. સ્થાનિકોના કહેવા મુજબ, આ મુદ્દે સરપંચ અને તંત્રને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, છતાં કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

આ ગંદકીના કારણે ગામમાં મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે, જેના કારણે ડેન્ગ્યુ અને મેલેરિયા જેવી ગંભીર બીમારીઓ ફેલાવાની દહેશત ઊભી થઈ છે. ઉપરાંત, સમગ્ર ગામમાં અસહ્ય દુર્ગંધ ફેલાતા લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે.

રસ્તાઓ પર પાણી ભરાતા બાળકો અને વૃદ્ધોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ગામજનો સવાલ ઉઠાવી રહ્યા છે કે, જો આગામી દિવસોમાં કોઈ મોટો રોગચાળો ફાટી નીકળશે, તો તેની જવાબદારી કોણ લેશે? સ્વચ્છતા અભિયાનના મોટા દાવાઓ વચ્ચે સેજપુરામાં આટલી ગંદકી કેમ? અને ૮ મહિનાથી સમસ્યાનો ઉકેલ કેમ નથી આવ્યો? પંચાયતની ગ્રાન્ટનો ઉપયોગ ક્યાં થઈ રહ્યો છે?

હાલમાં સેજપુરાના ગ્રામજનોની એક જ માંગ છે – આ ગટર સમસ્યાનું વહેલી તકે કાયમી નિરાકરણ લાવવામાં આવે, જેથી તેઓ સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણમાં માનભેર જીવન જીવી શકે.

# નર્મદા જિલ્લો ધો.10માં રાજ્યમાં પ્રથમ : 90.85% પરિણામ સાથે ઈતિહાસ રચ્યો

#### વડાપ્રધાન મોદી સાથેના સંવાદ અને મોટિવેશનલ કાર્યક્રમોનો વિદ્યાર્થીઓને મોટો લાભ

રાજપીપળા,

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-10ની પરીક્ષાના પરિણામમાં નર્મદા જિલ્લામાં ઐતિહાસિક સફળતા નોંધાઈ છે. જિલ્લાનું કુલ પરિણામ 90.85 ટકા નોંધાતા સમગ્ર રાજ્યમાં નર્મદા જિલ્લો પ્રથમ સ્થાને રહ્યો છે. જિલ્લા શિક્ષણાધિકારી Dr. Kiranben Patelએ આ સફળતા પાછળના મહત્વના કારણો અંગે માહિતી આપતા જણાવ્યું કે વડાપ્રધાન Narendra Modi દ્વારા દેવમોગરા ખાતે વિદ્યાર્થીઓ સાથે થયેલા સંવાદે મોટું પ્રેરણાસ્ત્રોત પૂરું પાડ્યું હતું.

15 નવેમ્બર 2025ના રોજ દેડિયાપાડા ખાતે જનજાતિય ગૌરવ દિવસના પ્રસંગે ઉપસ્થિત રહેલા વડાપ્રધાનએ દેવમોગરા ખાતે યાહામોગી માતાના દર્શન કર્યા બાદ જિલ્લાના વિદ્યાર્થીઓ સાથે “પરીક્ષા પે ચર્ચા” અંતર્ગત સંવાદ સાધ્યો હતો. આ સંવાદથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને ઉત્સાહમાં નોંધપાત્ર વધારો થયો હતો, જેનું પ્રતિબિંબ પરિણામમાં પણ સ્પષ્ટ રીતે જોવા મળ્યું છે.

જિલ્લામાં “એક્ઝામ વોરિયર્સ”ના 25 મંત્રો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત શૈક્ષણિક સંઘો દ્વારા મોટિવેશનલ સ્પીકર્સને આમંત્રિત કરી વિદ્યાર્થીઓને પરીક્ષા માટે તૈયાર કરવામાં આવ્યા હતા.

આ સફળતા પાછળ જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક, શિક્ષણ વિભાગ અને સમગ્ર વહીવટી તંત્રના સંયુક્ત પ્રયાસો રહેલા છે. સાથે જ વિદ્યાર્થીઓ અને વાલીઓનો સહયોગ પણ એટલો જ મહત્વનો રહ્યો છે. જિલ્લા શિક્ષણાધિકારીએ વધુમાં જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા શિક્ષકોની મોટા પાયે ભરતી થતા વિદ્યાર્થીઓને વિષય નિષ્ણાત શિક્ષકો મળ્યા છે, જેના કારણે ગુણવત્તાયુક્ત શિક્ષણ મળ્યું અને પરિણામમાં સુધારો નોંધાયો છે.

### ઘેંટા-બકરા ચરાવનારથી IPS સુધીનો અદભુત સફર

# સુરેન્દ્રનગરના SP પ્રેમસુખ ડેલુસરની સંઘર્ષગાથા લાખો યુવાનો માટે પ્રેરણા



સુરેન્દ્રનગર

ગુજરાતમાં પોતાની પ્રજાલક્ષી, કડક અને હકારાત્મક પોલીસ કામગીરીથી ચર્ચામાં રહેલા Premsukh Delu આજે લાખો યુવાનો માટે જીવંત પ્રેરણા બની ગયા છે.

એક સમય એવો હતો જ્યારે તેઓ ગામડામાં ઘેંટા-બકરા ચરાવતા, ઊંટગાડી ચલાવતા અને ખેતમજૂરી કરતા હતા. આજે એજ પ્રેમસુખ ડેલુસર સુરેન્દ્રનગરના પોલીસ વડા તરીકે ગુનેગારો સામે કડક કાર્યવાહી અને સામાન્ય માણસ માટે ન્યાયની મિસાલ બની ગયા છે.

આ કહાની માત્ર એક IPS અધિકારીની નથી, આ કહાની છે – ગરીબી સામેની લડતની, સપનાઓ માટેના સંઘર્ષની, અને “હું કરી શકું છું” એવા અડગ વિશ્વાસની. રાજસ્થાનના Rasisar ગામમાં 3 એપ્રિલ 1988ના રોજ જન્મેલા પ્રેમસુખ ડેલુનું બાળપણ ભારે આર્થિક સંકટમાં પસાર થયું. ઘરની પરિસ્થિતિ એટલી નબળી હતી કે ધોરણ 8 સુધી તેમને પેન્ટ પહેરવાનું પણ નસીબ નહોતું. ચડ્ડી પહેરીને જ શાળાએ જતા. પિતા સામાન્ય ખેડૂત અને ઊંટગાડી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા. પ્રેમસુખ બાળપણમાં ખેતમજૂરી, ઢોર ચરાવવાનું, પાકની રખેવાળી અને ઊંટગાડી ચલાવવાનું કામ કરતા.

પરંતુ આ મુશ્કેલીઓ વચ્ચે પણ એક વસ્તુ ક્યારેય મરી નહોતી – “મોટું બનવાનું સપનું.”

પ્રેમસુખ ડેલુ કહે છે: “મારી પાસે ગુમાવવાનું કંઈ નહોતું. હું તળીયેથી હતો. એટલે વિચારતો કે હવે આકાશ સુધી કેવી રીતે પહોંચવું.” સરકારી શાળામાં અભ્યાસ કરનાર પ્રેમસુખે ઈતિહાસ વિષયમાં એમ.એ. કરીને ગોલ્ડ મેડલ મેળવ્યો. ત્યારબાદ તેમની સફર શરૂ થઈ – એક પછી એક સરકારી નોકરી મેળવવાની. આટલી નોકરીઓ મળ્યા છતાં પ્રેમસુખ ડેલુનો એક જ ગોલ હતો – UPSC પાસ કરીને IPS બનવાનો. તેમણે ઘણી નોકરીઓ છોડી દીધી, કારણ કે તેઓ માત્ર નોકરી નહીં, પરંતુ સમાજ માટે કંઈ મોટું કરવા માગતા હતા. 2015માં ફરી UPSC પરીક્ષા આપી અને 2016માં સમગ્ર ભારતમાં 170મો રેન્ક મેળવી IPS બનવાનું સપનું સાકાર કર્યું. ટ્રેનિંગ બાદ તેમને ગુજરાત કેડર મળ્યું અને ત્યારથી તેમની કામગીરી સતત ચર્ચામાં રહી છે.

અમરેલી, જામનગર અને હાલ સુરેન્દ્રનગરમાં તેમની કામગીરીને લોકોએ ખૂબ વખાણી છે.

દારૂના બુટલેગરો, ભૂમાફિયા, વ્યાજખોરો અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે તેમણે કડક કાર્યવાહી કરી. સાથે જ સામાન્ય ગરીબ અને પીડિત લોકો માટે તેઓ આશાનું કેન્દ્ર બન્યા. લોકો કહે છે કે પ્રેમસુખ ડેલુસર માત્ર પોલીસ અધિકારી નથી – પરંતુ “જનતાના અધિકારી” છે. પ્રેમસુખ ડેલુસરે એ સાબિત કરી બતાવ્યું કે માણસ જો પોતાની મંઝિલ માટે ઈમાનદારીથી સંઘર્ષ કરે, તો દુનિયાની કોઈ તાકાત તેને રોકી શકતી નથી. આજના વિદ્યાર્થીઓ અને યુવાનો માટે તેમની જીવનયાત્રા એક જીવંત પાઠ છે – “પરિસ્થિતિ નહીં, પણ સંકલ્પ માણસને મહાન બનાવે છે.”

### ભીલાપુર પાસે ગમખ્વાર અકસ્માત

# R&B કોન્ટ્રાક્ટરની બેદરકારીએ ચાલકને મોતના મોંએ ધકેલ્યો....

#### રસ્તાની વચ્ચે ટેન્કર ઉભું રાખતા આઈસર ટ્રક સાથે જોરદાર ટક્કર, ચાલક ગંભીર ઈજાગ્રસ્ત

ડભોઇ

ડભોઈ તાલુકાના ભીલાપુર ગામ નજીક આજે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં માર્ગ અને મકાન વિભાગ (R&B) ના કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, રોડ પર આવેલા ડિવાઈડરમાં છોડને પાણી આપવા માટે એક ટેન્કર રસ્તાની વચ્ચે જ ઉભું રાખવામાં આવ્યું હતું. આ દરમિયાન પાછળથી આવી રહેલી આઈસર ટ્રક ટેન્કર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે ટ્રકનો આગળનો ભાગ સંપૂર્ણપણે ચકનાચૂર થઈ ગયો હતો અને ચાલક કેબિનમાં સ્ટીયરિંગ વચ્ચે ફસાઈ ગયો હતો.

સ્થાનિકોના આક્ષેપ મુજબ, કોન્ટ્રાક્ટર દ્વારા કોઈ પણ પ્રકારના સેફ્ટી સિગ્નલ, બેરિકેડિંગ કે વોર્નિંગ સાઈન મૂકવામાં આવ્યા નહોતા, જેના કારણે આ ગંભીર અકસ્માત સર્જાયો.




અકસાન્ત બાદ સ્થાનિક લોકો અને રાહદારીઓ તરત જ મદદે દોડી આવ્યા હતા. ભારે જહેમત બાદ ચાલકને કેબિનમાંથી બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

અકસાન્તને પગલે હાઈવે પર અંદાજે 2 કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો, જેના કારણે અનેક વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડી ટ્રાફિક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાની કામગીરી હાથ ધરી હતી. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે હાઈવે પર વારંવાર કોન્ટ્રાક્ટરો દ્વારા સુરક્ષાના નિયમોની અવગણના કરવામાં આવે છે, જેના કારણે નિર્દોષ લોકો જીવ ગુમાવે છે.



### અશ્લીલતા ફેલાવવાનો ઈરાદો નહોતોઃ નોરા ફતેહી

# નોરાએ અશ્લીલ ગીત પર માફી માંગી, કહ્યુ, આવા આઈટમ સોંગ નહીં કરું

મુંબઈ

ફિલ્મ 'KD ધ ડેવિલ'ના ગીત 'સરકે ચુનર'માં અશ્લીલતા ફેલાવવાના મામલે ગુરુવારે બોલિવૂડ એક્ટ્રેસ નોરા ફતેહી રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW) સમક્ષ હાજર થઈ હતી. નોરાએ આયોગને લેખિત માફીપત્ર સુપરત કર્યું અને સ્પષ્ટ કર્યું કે તેનો ઈરાદો કોઈની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો ન હતો.

નોરાએ મહિલા આયોગને જણાવ્યું કે ભવિષ્યમાં તે આવા આઈટમ સોંગ્સ નહીં કરે જેનાથી મહિલાઓના સન્માનને ઠેસ પહોંચે અથવા સમાજમાં મહિલાઓ પ્રત્યે ખોટો સંદેશ જાય. આ સાથે નોરાએ અનાથ બાળકીઓના શિક્ષણનો ખર્ચ ઉઠાવવાની જવાબદારી પણ લીધી છે. દિલ્હીમાં મહિલા આયોગના ચેરપર્સન વિજયા રહાટકર સમક્ષ હાજર થયા બાદ નોરાએ મીડિયા સાથે વાત કરી. તેણે કહ્યું- 'મેં લેખિતમાં માફી માંગી લીધી છે. એક કલાકાર તરીકે હું મારી જવાબદારી સમજું છું. મારો ઈરાદો કોઈને દુઃખ પહોંચાડવાનો નહોતો, પરંતુ આ એક એવી પરિસ્થિતિ હતી જેમાં મને મૂકી દેવામાં આવી હતી.' આ પહેલા નોરાએ દાવો કર્યો હતો કે તેણે ફક્ત કન્નડ વર્ઝન માટે શૂટિંગ કર્યું હતું અને તેની સંમતિ વિના તેને હિન્દીમાં ડબ કરવામાં આવ્યું હતું. માફી માંગવાની સાથે જ નોરાએ જાહેરાત કરી કે તે અનાથ છોકરીઓના શિક્ષણને સ્પોન્સર કરશે. નોરાએ કહ્યું- 'સમાજને પાછું આપવું ખૂબ જ જરૂરી છે. તેથી મેં નક્કી કર્યું છે કે હું કેટલીક અનાથ બાળકીઓના ભણતરનો ખર્ચ ઉઠાવીશ.' ગયા મહિને આ જ ગીતને લઈને એક્ટર સંજય દત્ત પણ NCW સમક્ષ હાજર થયો હતો. તેણે પણ લેખિત માફીનામું આપીને ખેદ વ્યક્ત કર્યો હતો. સુધારાત્મક પગલાં તરીકે સંજય દત્તે 50 આદિવાસી બાળકીઓના શિક્ષણનો ખર્ચ ઉઠાવવાનું વચન આપ્યું હતું. આયોગે ગીતમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દો અને મહિલાઓના ચિત્રણ પર સખત વાંધો ઉઠાવ્યો હતો. આ વિવાદ 15 માર્ચે ફિલ્મના હિન્દી વર્ઝનનું ગીત રિલીઝ થયા બાદ શરૂ થયો હતો. ગીતના બોલને લઈને સોશિયલ મીડિયા પર ઘણો ગુસ્સો જોવા મળ્યો હતો.

# "બંદર" માટે મારે એનિમલને દબાવી રાખવો પડેલોઃ લોર્ડ બોબી દેઓલ



### અભિનેતા બોબી દેઓલ અનુરાગ કશ્યપ દ્વારા દિગ્દર્શિત ફિલ્મમાં પોતાના પાત્ર વિશે વાત કરતા કહે છે

મુંબઈ

એનિમલ ફિલ્મથી જોરદાર કમબેક કરનાર અભિનેતા બોબી દેઓલે તાજેતરમાં પોતાની અપકમિંગ ફિલ્મ બંદરને લઈને મન ખોલીને વાતો કરી હતી. તેણે જણાવ્યું હતું કે'બંદર' માટે મારે એનિમલને દબાવી રાખવો પડેલો.

નિખિલ દ્વિવેદી દ્વારા નિર્મિત, 'બંદર' ફિલ્મ બોબી દેઓલને એક સંપૂર્ણપણે અલગ અવતારમાં રજૂ કરવા માટે તૈયાર છે. અનુરાગ કશ્યપ દિગ્દર્શક તરીકે સુકાન સંભાળી રહ્યા છે, અને આ ફિલ્મ એક અનોખો થિયેટર અનુભવ બનવાનું વચન આપે છે!_ અનુરાગ કશ્યપ દ્વારા દિગ્દર્શિત 'બંદર' ફિલ્મ, જેમાં બોબી દેઓલ અભિનીત છે, તે સૌથી રોમાંચક થિયેટર રિલીઝમાંની એક બનવા જઈ રહી છે. નિખિલ દ્વિવેદી દ્વારા નિર્મિત, ફિલ્મ માટે ઉત્સાહ વધી રહ્યો છે, કારણ કે તે એક ટીમ સાથે આવવાની તૈયારીમાં છે જેના પર નજર રાખવી પડશે. જ્યારે બોબી દેઓલ ફિલ્મમાં એક તીવ્ર, ક્યારેય ન જોયેલા અવતારમાં જોવા મળશે, તે તેને તેના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવા માટે દબાણ કરશે. બંદરમાં પોતાની ભૂમિકા વિશે બોલતા, બોબી દેઓલે કહ્યું, 'દરેક અભિનેતા કંઈક કરવા માંગે છે, કારણ કે એક છબી સેટ કરવામાં આવે છે અને તેમાંથી બહાર નીકળવું ખૂબ મુશ્કેલ થઈ જાય છે અને આપણે ટાઈપકાસ્ટ થઈ જઈએ છીએ. મેં પણ તેમાંથી પસાર થઈને કામ કર્યું, પરંતુ હવે મારે કહેવું જ જોઈએ કે આ ફિલ્મ કરવી મારા કમ્ફર્ટ ઝોનની બહાર હતી, મેં મારા શરમને બાજુ પર રાખી અને આ ફિલ્મ બેશરમીથી કરી.' પ્રભાવશાળી અભિનયની શ્રેણીમાંથી આવતા, બોબી દેઓલ આ તીવ્ર નાટકમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

આ ફિલ્મ નિખિલ દ્વિવેદી દ્વારા નિર્મિત છે અને ઝી સ્ટુડિયો દ્વારા સમર્થિત છે. આ ફિલ્મ સુદીપ શર્મા અને અભિષેક બેનર્જી દ્વારા લખાયેલી છે, જેઓ પાતાલ લોક, કોહરા અને ઉડતા પંજાબ જેવા વખાણાયેલા પ્રોજેક્ટ્સ માટે જાણીતા છે.

# લગ્નના 10 વર્ષ બાદ માતા બનશે સંભાવના સેઠ

### અભિનતેત્રી સંભાવના શેઠે અનેક વખત ગર્ભપાતનો દુખદ અનુભવ કર્યો હતો



મુંબઈ

અભિનેત્રી સંભાવના સેઠ અને તેમના પતિ અવિનાશ દ્વિવેદી ટૂંક સમયમાં માતા-પિતા બનવાના છે. લગ્નના 10 વર્ષ બાદ સરોગેસી દ્વારા તેમના ઘરે નાનકડા મહેમાનનું આગમન થવાનું છે. આ ખુશખબર બાદ ચાહકો અને સેલેબ્રિટીઓ તરફથી સતત શુભેચ્છાઓ મળી રહી છે.

પરંતુ આ ખુશીની વચ્ચે હવે દંપતીને પોતાના આવનારા બાળકના રૂમ અને તેની તૈયારીઓને લઈને ચિંતા સતાવી રહી છે. તાજેતરના વ્લોગમાં Avinash Dwivediએ જણાવ્યું કે તેમને સમજાતું નથી કે બાળકનો રૂમ કેવી રીતે તૈયાર કરવો, શું આયોજન કરવું અને કોની મદદ લેવી. તેમણે કહ્યું કે, "અમારા બંનેમાં કોઈને પણ આ બાબતોનો અનુભવ નથી, એટલે હવે મિત્રો અને તાજેતરમાં માતા-પિતા બનેલા લોકો પાસેથી સલાહ લેવી પડશે." આ પર સંભાવના સેઠએ પણ સ્વીકાર્યું કે તેઓ માટે આ બધું એકદમ નવું છે. ગૌહર ખાન પાસેથી લેશે માર્ગદર્શન અભિનેત્રીએ જણાવ્યું કે તેમને ગૌહર ખાનનો ફોન આવ્યો હતો અને તેઓ હવે તેમની પાસે સલાહ લેશે. સંભાવનાએ કહ્યું કે ગૌહર તાજેતરમાં માતા બની હોવાથી તેમને આ સમગ્ર પ્રક્રિયાનો સારો અનુભવ છે અને તેઓ યોગ્ય માર્ગદર્શન આપી શકશે. માતા બનવા માટે Sambhavna Sethએ લાંબા સમય સુધી સંઘર્ષ કર્યો છે. તેમણે અગાઉ એક મુલાકાત દરમિયાન ખુલાસો કર્યો હતો કે છેલ્લા ઘણા વર્ષોમાં તેમણે 7 વખત આઈવીએફ પ્રક્રિયા કરાવી હતી. તેમણે અનેક વખત ગર્ભપાતનો દુખદ અનુભવ કર્યો હતો. આ સમગ્ર સારવાર દરમિયાન ભારે શારીરિક અને માનસિક તકલીફનો સામનો કરવો પડ્યો હતો. અભિનેત્રીએ જણાવ્યું હતું કે આ સારવાર દરમિયાન સતત ઈન્જેક્શન, આરામ અને હોર્મોનલ ફેરફારોને કારણે તેમનું વજન વધી ગયું હતું. તેમણે કહ્યું કે આ પ્રક્રિયા માત્ર શરીર માટે નહીં પરંતુ માનસિક રીતે પણ ખૂબ જ કઠિન હતી. જોકે હવે આખરે તેમના જીવનમાં ખુશીઓનું આગમન થવા જઈ રહ્યું છે.

# વિવાદ વચ્ચે પલાશ મુચ્છલે ખાટુ શ્યામના કર્યા દર્શન, પૂજા કરી

### ગાયક-સંગીતકાર પલાશ મુચ્છલ કાનૂની મુશ્કેલીમાં ફસાયેલા છે. તેમના વિરુદ્ધ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અધિનિયમ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે

મુંબઈ

ગાયક-સંગીતકાર પલાશ મુચ્છલ કાનૂની મુશ્કેલીમાં ફસાયેલા છે. તેમના વિરુદ્ધ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અધિનિયમ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જેમાં તેમના પર જાતિવાદી ટિપ્પણી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

આ વિવાદ વચ્ચે પલાશે તાજેતરમાં રાજસ્થાનના પ્રખ્યાત મંદિરોની મુલાકાત લીધી હતી અને સોશિયલ મીડિયા પર તેમની આધ્યાત્મિક યાત્રાની ઝલક શેર કરી હતી, પરંતુ તેમની પોસ્ટ પરની ટિપ્પણીઓને અક્ષમ રાખી હતી. સ્મૃતિ મંધાનાના બાળપણના મિત્ર વિદ્યાન માને દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

માનેનો આરોપ છે કે, પલાશે તેમના પ્રત્યે જાતિવાદી ટિપ્પણી કરી હતી. ફરિયાદ અનુસાર, પલાશે ફિલ્મ "નઝારિયા" માટે માને પાસેથી 25 લાખ રૂપિયા લીધા હતા. ફિલ્મની રિલીઝ અને નફા પછી માનેને રિફંડ આપવાનું વચન આપવામાં આવ્યું હતું.

જાન્યુઆરીમાં, પલાશે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે તેણે વિદ્યાન માને સામે 10 કરોડનો માનહાનિનો દાવો દાખલ કર્યો છે, અને આ આરોપોને "ખોટા અને બદનક્ષીભર્યા" ગણાવ્યા છે. પલાશ સૌપ્રથમ ત્યારે વિવાદમાં આવ્યો જ્યારે લગ્નના દિવસે જ સ્મૃતિ મંધાના સાથેના તેના લગ્ન રદ કરવામાં આવ્યા હતા. લગ્નની વિધિઓ શરૂ થઈ ગઈ હતી. લગ્ન રદ થયા બાદ બંનેએ ઈન્સ્ટાગ્રામ પર નિર્ણયની પુષ્ટિ કરી અને કહ્યું કે, તેઓ તેમના જીવનમાં આગળ વધી રહ્યા છે. ત્યારથી, તેઓએ તેમના સંબંધો પર જાહેરમાં ટિપ્પણી કરી નથી.







# અભિનેત્રી કૃતિકા કામરાએ કાસ્ટિંગ કાઉચ અંગે કર્યો ખુલાસો

### ફિલ્મ ઈંડસ્ટ્રીમાં કલાકારો સાથે થતા ભેદભાવની વાત પણ કરી

મુંબઈ

અભિનેત્રી કૃતિકા કામરા વેબ સીરીઝ મટકા કિંગમાં દમદાર અભિનય કરી ચર્ચાનો વિષય બની છે. અભિનેત્રીએ તેની સાથે થયેલા ભેદભાવ અને કાસ્ટિંગ કાઉચ અંગે ઘટસ્ફોટ કર્યો. કૃતિકા કામરા તેના લગ્ન પછીથી સતત ચર્ચામાં છે. થોડા સમય પહેલા જ કૃતિકા કામરાએ લગ્ન કર્યા અને તાજેતરમાં જ તેની વેબ સીરીઝ મટકા કિંગ રિલીઝ થઈ. જોકે આ વખતે અભિનેત્રીની ચર્ચા તેણે આપેલા એક ઈન્ટરવ્યૂ પછી થઈ રહી છે. આ મુલાકાતમાં કૃતિકા કામરાએ ટીવીમાંથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જતા કલાકારો સાથે થતા ભેદભાવ અને તેની સાથે થયેલા કાસ્ટિંગ કાઉચના અનુભવની વાત શેર કરી હતી. આ ઘટનાનો ખુલાસો થયા પછી કૃતિકા કામરા સતત ચર્ચામાં છે. કૃતિકા કામરાએ તેની કારકિર્દીની શરૂઆત ટીવી ઈન્ડસ્ટ્રીથી કરી હતી. ત્યાર પછી તેણે ફિલ્મો અને વેબ સીરીઝમાં કામ કરવાનું શરૂ કર્યું. ટીવીમાંથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવવાનો અનુભવ કેવો રહ્યો તે વાતનો જવાબમાં તેને જણાવ્યું હતું કે જે કલાકારો ટીવીમાંથી ફિલ્મોમાં આવે છે તેમની સાથે ભેદભાવ થાય છે. અભિનેત્રીનું કહેવું એવું હતું કે જે લોકો ફિલ્મી બેગ્રાઉન્ડના હોય તેમના માટે આગળ વધવું સરળ હોય છે અને તેમને તક પણ ઝડપથી મળે છે પરંતુ જે લોકો ટીવીમાંથી અને કોઈપણ પ્રકારના બેકગ્રાઉન્ડ વિના ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવે છે તેમને પોતાની જાતને સાબિત કરવામાં વધારે મહેનત કરવી પડે છે અને તેમને માટે પડકારો પણ વધારે હોય છે. કૃતિકા કામરાએ કાસ્ટિંગ કાઉચ અંગે પણ જણાવ્યું હતું કે જ્યારે તેણે એક્ટિંગ કરિયરની શરૂઆત કરી ત્યારે તે ખૂબ નાની હતી. આ ઈન્ડસ્ટ્રીમાં આવી ત્યારે તેને કાસ્ટિંગ કાઉચ વિશે જાણકારી હતી. પરંતુ તે એટલી સમજદાર ન હતી કે આવી પરિસ્થિતિમાંથી બહાર નીકળી શકે. કૃતિકા કામરાએ એ વાતનો ખુલાસો તો ન કર્યો કે તેને કાસ્ટિંગ કાઉચનો અનુભવ કયા સમયે અને કયા પ્રોજેક્ટ માટે થયો હતો. પરંતુ તેણે એ વાતનો ખુલાસો કર્યો કે તેના નસીબ સારા હતા કે તે કાસ્ટિંગ કાઉચ જેવી સ્થિતિમાંથી બચીને બહાર નીકળી ગઈ. વધુમાં કૃતિકા કામરાએ એવું પણ કહ્યું કે ટીવીમાંથી ફિલ્મોમાં આવતા કલાકારો અને ફિલ્મોમાં જ હોય તે કલાકારો વચ્ચે આજે પણ ડિસ્ટન્સ હોય છે. કૃતિકા કામરાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જે કલાકારો ટીવીમાંથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવે છે તેમને હિન ભાવના સાથે જોવામાં આવે છે તેથી તેમણે પોતાની જાતને સાબિત કરવા માટે ડબલ મહેનત કરવી પડે છે.

# મલાઇકા અરોરાનું પંજાબમાં ધમાકેદાર પરફોર્મન્સ, 'ચલ છૈયા છૈયા' અને 'મુન્ની બદનામ' ગીતો પર ઠુમકા લગાવ્યા



મુંબઈ

બોલિવૂડની ફિટનેસ ક્વીન મલાઇકા અરોરા તેના એનર્જેટિક ડાન્સ માટે પ્રખ્યાત છે. તાજેતરમાં મલાઇકાએ પંજાબના લુધિયાણામાં પર્ફોર્મ કર્યું હતું. વાસ્તવમાં શહેરના એક ઉદ્યોગપતિની એનિવર્સરી પાર્ટીમાં મલાઇકાએ ખાસ પરફોર્મન્સ આપ્યું હતું. મલાઈકા અરોરાને પોતાની વચ્ચે જોઈને ચાહકો તેની સાથે સેલ્ફી લેવા માટે બેકાબૂ બનતા જોવા મળ્યા.

બાઉન્સરોએ ભારે મુશ્કેલીથી ભીડને સંભાળી. કાર્યક્રમમાં તેણે 'ચલ છૈયા-છૈયા', 'અનારકલી ડિસ્કો ચલી', 'મુન્ની બદનામ હુઈ', 'નાચ પંજાબન' જેવા ગીતો પર ડાન્સ કર્યો. સિંગર સાગર ભાટિયાએ પણ પોતાની ગાયકીથી માહોલ જમાવ્યો. મળતી માહિતી મુજબ, લુધિયાણાના પોશ વિસ્તાર ફિરોઝપુર રોડ પર આવેલા મહારાજા મેન્શનમાં બુધવારે શહેરના એક જાણીતા ટેક્સટાઈલ ઉદ્યોગપતિની 25મી સિલ્વર જ્યુબિલી એનિવર્સરી હતી, જ્યાં મલાઈકા અરોરાએ પરફોર્મન્સ આપ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ડીજે પાર્ટીથી થઈ, ત્યારબાદ મલાઈકા અરોરાએ સ્ટેજ સંભાળ્યું. આ દરમિયાન તેણે 'ચલ છૈયા-છૈયા', 'અનારકલી ડિસ્કો ચલી' અને 'મુન્ની બદનામ હુઈ' જેવા ગીતો પર ડાન્સ કર્યો. તે લગભગ એક કલાક સુધી અહીં રોકાઈ હતી. દરેકને ઝૂમવા મજબૂર કર્યા કાર્યક્રમમાં શહેરની લગભગ 500 જાણીતી હસ્તીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં જેવી મલાઈકાએ સ્ટેજ પર એન્ટ્રી લીધી, આખો હોલ તાળીઓથી ગુંજી ઉઠ્યો. મલાઈકાએ તેના સિગ્નેચર સ્ટેપ્સ અને સ્ટેજ પ્રેઝન્સથી દરેકને ઝૂમવા પર મજબૂર કરી દીધા. જ્યારે સિંગર સાગર ભાટિયાએ પણ ગીતોથી માહોલ જમાવ્યો. સેલ્ફી લેવા માટે આતુર દેખાયા ફેન્સ પર્ફોર્મન્સ દરમિયાન ત્યાં હાજર ફેન્સ મલાઈકા સાથે સેલ્ફી લેવા માટે આતુર દેખાયા. દરેક વ્યક્તિ આ ક્ષણને પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરવા માંગતો હતો. જોકે, સુરક્ષા કારણો અને વ્યસ્ત શેડ્યૂલને કારણે મલાઈકા અરોરાએ ફક્ત પોતાની નિર્ધારિત પર્ફોર્મન્સ આપી અને તરત જ ત્યાંથી રવાના થઈ ગઈ.

### ભારતીય રમતગમત મંત્રાલય દ્વારા નિર્ણય લેવાયો છે, પરંતુ ભારત આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં પાકિસ્તાનની સામે રમશે

# ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ પરનો પ્રતિબંધ યથાવત્: ફેન્સમાં નિરાશા

નવી દિલ્હી

ભારત અને પાકિસ્તાન વચ્ચેના દ્વિપક્ષીય રમતગમત સંબંધો પર લાદવામાં આવેલો પ્રતિબંધ યથાવત્ રાખવાનો ભારતીય રમતગમત મંત્રાલય દ્વારા નિર્ણય લેવાયો છે. પરંતુ ચાહકો માટે રાહતના સમાચાર એ છે કે ભારત આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં પાકિસ્તાનની સામે રમશે. પ્રતિબંધ માત્ર દ્વિપક્ષીય મેચો પૂરતો મર્યાદિત રમતગમત મંત્રાલય દ્વારા બહાર પડાયેલા પરિપત્ર મુજબ, ભારતની કોઈપણ ટીમ પાકિસ્તાનમાં રમવા જશે નહીં અને પાકિસ્તાની ટીમોને પણ ભારતમાં રમવાની મંજૂરી નહીં મળે. જો કે, આ પ્રતિબંધ માત્ર દ્વિપક્ષીય મેચો પૂરતો મર્યાદિત રહેશે, જ્યારે બહુરાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં બંને દેશોના ખેલાડીઓ એકબીજા સામે રમી શકશે.




ભારત જ્યારે પણ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટનું આયોજન કરશે ત્યારે પાકિસ્તાની ખેલાડીઓને ભારતમાં પ્રવેશતા રોકાશે નહીં., જેથી આંતરરાષ્ટ્રીય રમત સંસ્થાઓના નિયમો અને ખેલાડીઓના હિતોનું રક્ષણ થઈ શકે. આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને રમતગમત માટેના એક આદર્શ વૈશ્વિક સ્થળ તરીકે સ્થાપિત કરવાનો છે, જેના ભાગરૂપે ખેલાડીઓ, કોચ અને અન્ય અધિકારીઓ માટે વિઝા પ્રક્રિયા પણ સરળ બનાવાશે. ખાસ કરીને 2030ની કોમનવેલ્થ ગેમ્સ અને 2036ની ઓલિમ્પિક્સની યજમાની કરવાની ભારતની ઈચ્છાને ધ્યાનમાં રાખીને ઓલિમ્પિક ચાર્ટરની ભાવનાનું પાલન કરવામાં આવી રહ્યું છે. મંત્રાલયે આ નીતિ ગયા વર્ષે ઓગસ્ટમાં જાહેર કરી હતી, જ્યારે UAEમાં રમાયેલા એશિયા કપમાં ભારત-પાકિસ્તાનના સાથે રમવાને લઈને મોટો વિવાદ થયો હતો.

આ નિર્ણય પહેલગામ આતંકી હુમલાના થોડા મહિનાઓ બાદ લેવામાં આવ્યો હતો, જેમાં 26 લોકોએ જીવ ગુમાવ્યા હતા. ચાહકો માટે રાહતના સમાચાર ભારત સરકારના આ નિર્ણયથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે હાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય શ્રેણીની કોઈ શક્યતા નથી, પરંતુ ICC અથવા અન્ય મલ્ટી-નેશનલ ટુર્નામેન્ટ્સમાં IND vs PAK મુકાબલા પહેલાની જેમ જ ચાલુ રહેશે, જે ચાહકો માટે રાહતના મોટા સમાચાર છે. મહત્વનું છે કે સરકારે એ વાતનું પણ ફરી રટણ કર્યું છે જેમાં ભારત ભવિષ્યમાં મોટા વૈશ્વિક રમતગમત આયોજનોની યજમાની કરવા માંગે છે અને તે માટે આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરશે. ભારત 2030 કોમનવેલ્થ ગેમ્સ અને 2036 ઓલિમ્પિક ગેમ્સની યજમાની માટે દાવેદારી પણ કરી રહ્યું છે.

## સતત બે જીત બાદ ચેન્નઈની પ્લેઓફની આશા જીવંત

ચેન્નઈ

ચેન્નઈ સુપર કિંગ્સે IPLમાં મંગળવારે દિલ્હી કેપિટલ્સને 8 વિકેટે હરાવી. ટીમે સિઝનમાં સતત બીજી જીત નોંધાવી. આ જીતથી સુપર કિંગ્સે પ્લેઓફની આશાઓ જીવંત રાખી છે. દિલ્હી પાસે પણ પ્લેઓફમાં પહોંચવાની તક છે. શરત એ છે કે ટીમે બાકીની તમામ મેચ જીતવી પડશે. મેચ પછી પોઈન્ટ્સ ટેબલમાં કોઈ ફેરફાર થયો નથી.

જીત પછી ચેન્નઈની ટીમ છઠ્ઠા સ્થાને છે, જ્યારે દિલ્હી 7મા સ્થાને છે. બંને પાસે પ્લેઓફમાં સ્થાન બનાવવાની તક છે. ઋતુરાજ ગાયકવાડની ટીમ 10 મેચમાં 10 પોઈન્ટ્સ સાથે છઠ્ઠા સ્થાને છે. તેણે અત્યાર સુધીમાં 5 મેચ જ ગુમાવી છે. અક્ષર પટેલની ટીમ 8 પોઈન્ટ્સ સાથે 7મા સ્થાને છે.

ટીમે 4 મેચ જીતી છે, સાથે જ 6 મેચ ગુમાવી છે. હૈદરાબાદ પાસે ટેબલ ટોપર બનવાની તક પેટ કમિન્સની ટીમ પોઈન્ટ્સ ટેબલમાં ત્રીજા સ્થાને છે. તેની પાસે 10 મેચમાં 6 જીત સાથે 12 પોઈન્ટ્સ છે. આજે સનરાઈઝર્સ પાસે પોઈન્ટ્સ ટેબલના ટોપ પર પહોંચવાની તક છે. ટીમને છેલ્લી મેચમાં કોલકાતા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે તેને 2 હોમ અને 2 અવે મેચ રમવાની છે. અહીંથી ટીમ દરેક જીત સાથે પ્લેઓફની નજીક પહોંચતી જશે.

મેચ પછી દિલ્હીના કેએલ રાહુલ સિઝનના ટોપ સ્કોરર બની ગયા છે. તેઓ 10 મેચમાં 445 રન બનાવી ચૂક્યા છે. તેમણે હૈદરાબાદના અભિષેક શર્મા (440 રન)ને પાછળ છોડ્યા. હૈદરાબાદના જ હેનરિક ક્લાસન 425 રન સાથે ત્રીજા સ્થાને છે. આજે અભિષેક શર્મા ટોપ પર આવી શકે છે. મેચ પછી ટોપ વિકેટ ટેકર્સની યાદીમાં કોઈ ફેરફાર થયો નથી. બેંગલુરુના ભુવનેશ્વર કુમાર અને ચેન્નઈના અંશુલ કંબોજ સમાન 17-17 વિકેટ સાથે પહેલા અને બીજા સ્થાને છે. ગુજરાતના કગિસો રબાડા 16 વિકેટ લઈને નંબર-3 પર છે.

### બંગાળની રાજનીતિમાં ભૂકંપ!

## પૂર્વ ક્રિકેટર મનોજ તિવારીનો મોટો આરોપ

## "TMC ટિકિટ માટે વસૂલાયા 5 કરોડ?"

મુંબઈ

Manoj Tiwary દ્વારા કરાયેલા એક ચોંકાવનારા દાવાએ પશ્ચિમ બંગાળની રાજનીતિમાં ખળભળાટ મચાવી દીધો છે. બંગાળમાં થયેલી કારમી રાજકીય હાર બાદ તિવારીએ આક્ષેપ કર્યો છે કે Mamata Banerjeeની પાર્ટી All India Trinamool Congress (TMC)માં અનેક ઉમેદવારોએ ટિકિટ મેળવવા માટે કરોડો રૂપિયાની લેવડદેવડ કરી હતી. મનોજ તિવારીએ દાવો કર્યો છે કે કેટલાક ઉમેદવારોએ ચૂંટણી ટિકિટ મેળવવા માટે અંદાજે 5 કરોડ રૂપિયા સુધી ચૂકવ્યા હતા. આ નિવેદન બાદ બંગાળની રાજનીતિમાં ભારે ચર્ચા અને



આરોપ-પ્રત્યારોપનો માહોલ સર્જાયો છે. રાજકીય વર્તુળોમાં હવે સવાલો ઉઠી રહ્યા છે કે શું ખરેખર ઉમેદવારી માટે પૈસાનો ખેલ થયો હતો? જો આક્ષેપોમાં સત્ય હશે તો શું તપાસ થશે? અને શું પાર્ટી નેતૃત્વ આ મુદ્દે સ્પષ્ટતા કરશે?

વિપક્ષી પક્ષોએ પણ આ મામલે TMC પર નિશાન સાધવાનું શરૂ કર્યું છે. બીજી તરફ, TMC તરફથી આક્ષેપોને લઈને કોઈ સત્તાવાર પ્રતિસાદ સામે આવ્યો નથી. ચૂંટણી રાજકારણમાં પૈસા અને પ્રભાવના વધતા પ્રભાવ વચ્ચે મનોજ તિવારીનું આ નિવેદન હવે બંગાળની રાજનીતિમાં નવા તોફાનનું કારણ બની શકે છે.

# દારૂ પીને ગાડી ચલાવતા ઝડપાયો ઓસ્ટ્રેલિયન ક્રિકેટર વોર્નર

### વકીલની કબૂલાત: 'ટેક્સી કરવાને બદલે કાર ચલાવવાનો નિર્ણય મૂર્ખામીભર્યો હતો'




સિડની

ઓસ્ટ્રેલિયાનો ભૂતપૂર્વ સ્ટાર બેટર ડેવિડ વોર્નર સિડનીમાં ડ્રિંક એન્ડ ડ્રાઈવ કરતા ઝડપાતા વિવાદમાં સપડાયા છે. રિપોર્ટ મુજબ, વોર્નર જ્યારે કાર ચલાવી રહ્યો હતો ત્યારે તેના બ્લડમાં આલ્કોહોલનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતા બમણાથી પણ વધુ જોવા મળ્યું હતું. 5 એપ્રિલના રોજ પોલીસે વોર્નરને અટકાવી તેમની તપાસ કરી હતી, જેમાં તેનું બ્લડ આલ્કોહોલ રીડિંગ 0.104 નોંધાયું હતું. હાલમાં બિગ બેશ લીગમાં સિડની થંડરની કેપ્ટનશીપ કરી રહેલો 39 વર્ષીય વોર્નર આ મામલે ગુરુવારે કોર્ટમાં હાજર રહ્યો નહોતો, હવે આ કેસની આગામી સુનાવણી 24 જૂન પર રાખવામાં આવી છે. કોર્ટની બહાર વોર્નરના વકીલ બોબી હિલે મીડિયાને જણાવ્યું હતું કે, ડેવિડ વોર્નરે પોતાની ભૂલ સ્વીકારી લીધી છે અને તે ટૂંક સમયમાં જ ગુનાની કબૂલાત કરશે. વકીલના જણાવ્યા અનુસાર, ઈસ્ટર સન્ડેના દિવસે વોર્નરે મિત્રના ઘરે વાઈનના ત્રણ ગ્લાસ પીધા હતા. તેણે સ્વીકાર્યું કે ટેક્સી કરવાને બદલે પોતે કાર ચલાવવાનો નિર્ણય લેવો એ વોર્નરની મોટી મૂર્ખામી હતી. જોકે, વકીલે એવો પણ દાવો કર્યો હતો કે વોર્નરના છેલ્લા ડ્રિંક અને પોલીસ ટેસ્ટ વચ્ચેના સમયમાં થોડો તફાવત હતો, પરંતુ વોર્નર પસ્તાવો અનુભવી રહ્યો છે અને ન્યૂ સાઉથ વેલ્સના કાયદા મુજબ જે પણ સજા થશે તે સ્વીકારવા તૈયાર છે.

**હવે આ કેસની આગામી સુનાવણી 24 જૂન પર રાખવામાં આવી છે**

આ ઘટના બાદ સિડની થંડરના કેપ્ટન તરીકે વોર્નરના ભવિષ્ય પર સવાલો ઉભા થયા છે.

ક્રિકેટ ન્યૂ સાઉથ વેલ્સના ચીફ એક્ઝિક્યુટિવ લી જર્મનએ આ મામલે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, તેઓ સુરક્ષિત ડ્રાઈવિંગના હિમાયતી છે અને આ પ્રકારની ઘટનાને ગંભીરતાથી લેવામાં આવશે. ડેવિડ વોર્નર, જેણે 2024માં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી, તેનું કરિયર શાનદાર રહ્યું છે પરંતુ તે અગાઉ 2018ના બોલ ટેમ્પરિંગ વિવાદમાં પણ ફસાઈ ચૂક્યો છે, જેના કારણે તેના પર 12 મહિનાનો પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. હવે આ નવા કાયદાકીય વિવાદથી તેની ઈમેજ ફરી એકવાર દાગ લાગ્યો છે.

## બિઝનેસ

### સોનાના ભાવમાં પણ વધારો, 10 ગ્રામનો ભાવ ₹1.51 લાખે પહોંચ્યો

# ચાંદી ₹2318 વધીને ₹2.51 લાખ પ્રતિ કિલો પર પહોંચી

મુંબઈ

આજે એટલે કે 7 મેના રોજ સોના-ચાંદીના ભાવમાં વધારો થયો છે. 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 377 રૂપિયા વધીને 1.51 લાખ રૂપિયાને પાર પહોંચી ગયો છે. જ્યારે ચાંદી 2318 રૂપિયા વધીને 2.51 લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ છે. આ વર્ષે સોનું 18 હજાર અને ચાંદી 21 હજાર રૂપિયા મોંઘી થઈ 2026માં સોનું અત્યાર સુધીમાં 18 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.51 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ વર્ષે ચાંદી 19 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે



વધીને 2.51 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. નોંધનીય છએ કે હાલમાં સોનાની આયાત કરવાનો એક માત્ર માર્ગ ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ છે. બેન્કો દ્વારા આયાત અટકી પડતા સદર એક્સચેન્જ મારફત પૂરવઠામાં જોરદાર વધારો થયો છે. એપ્રિલમાં વેપાર વોલ્યુમ એક વર્ષની ઊંચી સપાટીએ જોવા મળ્યું હતું. મેમાં પણ વોલ્યુમ ઊંચુ રહ્યું છે. એક્સચેન્જ મારફત આયાત કરવામાં ખાસ્સો સમય નીકળી જાય છે અને વર્કિંગ કેપિટલ પણ અટવાઈ પડે છે, એમ ટ્રેડરે વધુમાં જણાવ્યું હતું. સામાન્ય રીતે દર નાણાં વર્ષના પ્રારંભમાં સરકાર દ્વારા બેન્કોને સોનાચાંદીની આયાત માટેની પરવાનગી આપતો આદેશ જારી કરવામાં આવતો હોય છે પરંતુ આ વર્ષ તે બે સપ્તાહ મોડી જાહેર કરાઈ હતી. ભારત વિશ્વમાં સોનાનો બીજો મોટો વપરાશકાર અને સૌથી વધુ ચાંદીની ખરીદી કરતો દેશ છે ત્યારે આયાતમાં કોઈપણ ઢીલ દેશમાં સોનાચાંદીની અછત ઊભી કરી શકે છે. આ બન્ને કિંમતી ધાતુ માટે ભારત આયાત પર નિર્ભર રહે છે.

### સોનાનો વાયદો રૂ.916 અને ચાંદીનો વાયદો રૂ.8845 વધ્યો

# સોના-ચાંદીના વાયદામાં તેજીની આગેકૂચ

**ક્રૂડ તેલનો વાયદો રૂ.351 ગબડ્યો: કોમોડિટી વાયદાઓમાં રૂ.34894.45 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.151450.05 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 24453.38 કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 37141 પોઈન્ટના સ્તરે**

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.186344.83 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.34894.45 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.151450.05 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો 37141 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.3508.74 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 24453.38 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.152887ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.153865 અને નીચામાં રૂ.152400ના સ્તરને સ્પર્શી, રૂ.152132ના આગલા બંધ સામે રૂ.916 વધી રૂ.153048ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.619 વધી રૂ.123070ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.85 વધી રૂ.15429ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.911 વધી રૂ.153013ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.152898ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.153941 અને નીચામાં રૂ.152610ના સ્તરને સ્પર્શી, રૂ.152352ના આગલા બંધ સામે રૂ.948 વધી રૂ.153300 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.254998ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.262443 અને નીચામાં રૂ.254722ના મથાળે અથડાઈ, રૂ.253265ના આગલા બંધ સામે રૂ.8845 વધી રૂ.262110 થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.8245 વધી રૂ.264451ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.8129 વધી રૂ.264420ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 3077.83 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.4.1 વધી રૂ.1312.3ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.1.3 વધી રૂ.347.85ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.2.75 ઘટી રૂ.367ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો 10 પૈસા ઘટી રૂ.200.25ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 7330.09 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4637ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4769 અને નીચામાં રૂ.4621ના મથાળે અથડાઈ, રૂ.124 વધી રૂ.4714ના સ્તરે પહોંચ્યો હતો.




### ભારતનું સેમીકન્ડકટરનું વેઈટેજ છ વર્ષના તળિયે

# MSCIની ફેક્ટશીટ અનુસાર તાઈવાન સેમીકન્ડકટરનું વેઈટેજ વધીને 14 ટકા

મુંબઈ

વિશ્વની અગ્રણી ચિપ ઉત્પાદક, તાઈવાન સેમીકન્ડકટર મેન્યુ. કંપની (TSMC) એ MSCI મોર્ગન સ્ટેનલી કેપિટલ ઈન્ટરનેશનલ ઈમર્જિંગ માર્કેટ (EM) ઈન્ડેક્સમાં ભારત પર તેની લીડ વધુ મજબૂત બનાવી છે. આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સ (એઆઈ)અને ટેકનોલોજી ક્ષેત્રો માટે વધતા ઉત્સાહ વચ્ચે, કંપની હવે વિદેશી રોકાણકારો માટે ટોચની પસંદગી બની રહી છે. MSCIની નવીનતમ ફેક્ટશીટ અનુસાર, ઈન્ડેક્સમાં તાઈવાન સેમીકન્ડકટર મેન્યુ. કંપનીનું વેઈટેજ ૧૪.૨% પર પહોંચી ગયું છે. બીજીતરફ ભારતનો હિસ્સો ઘટીને ૧૧.૯૪% થયો છે, જે છ વર્ષથી વધુ સમયનું સૌથી નીચું સ્તર છે. તાઈવાન સેમીકન્ડકટર મેન્યુ. કંપનીએ ફેબ્રુઆરીમાં પહેલીવાર ભારતને પાછળ છોડી દીધું,



જ્યારે ભારતીય બજારમાં કોરોના પછી સૌથી મોટી માસિક વેચવાલી જોવા મળી હતી. બીજી તરફ, એઆઈ રોકાણ અંગે વધતી અપેક્ષાઓએ તાઈવાન સેમીકન્ડકટરના શેરને મજબૂત ટેકો આપ્યો છે.આ કંપનીના શેરમાં ઉછાળાને કારણે, તાઈવાન હવે MSCI EM ઈન્ડેક્સમાં ચીનને પાછળ છોડી ગયું છે. MSCI ઈમર્જિંગ માર્કેટ ઈન્ડેક્સને ઉભરતા બજાર રોકાણનો સૌથી વ્યાપક સૂચક માનવામાં આવે છે. ૭૫૦ બિલિયન ડોલરથી વધુ સંપત્તિ ધરાવતા વિશ્વભરના નિષ્ક્રિય ભંડોળ આ ઈન્ડેક્સને ટ્રેક કરે છે. તેથી, વિદેશી રોકાણ માટે ઈન્ડેક્સમાં દેશ અથવા કંપનીના વેઈટેજમાં વધારો અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ૨૦૨૪માં ભારતનું વેઈટેજ વધીને ૨૦ ટકા થયું હતું. જો કે, ત્યારથી, ભારતીય બજારનું પ્રદર્શન MSCI EM ઈન્ડેક્સ કરતા નોંધપાત્ર રીતે નબળું રહ્યું છે.

# સેન્સેક્સ 114 અંક ઘટીને 77,845 પર બંધ થયો

- **નિફ્ટી 4 અંક નીચે 24,327 પર આવ્યો; ઓટો શેર્સમાં ખરીદી, FMCGમાં ભારે વેચવાલી રહી**

મુંબઈ

સેન્સેક્સ આજે એટલે કે ગુરુવાર, 7 મેના રોજ 114 અંક (0.15%)ના ઘટાડા સાથે 77,845 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 4 અંક (0.02%)નો ઘટાડો રહ્યો, તે 24,327 પર આવી ગયો.

આજના કારોબારમાં ઓટો અને રિયલ્ટી શેરોમાં ખરીદી રહી, જ્યારે FMCGમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી. આ પહેલા ગઈકાલે એટલે કે 6 મેના રોજ શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 941 પોઈન્ટના ઉછાળા સાથે 77,959 ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 298 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 24,331 પર બંધ થયો હતો.બીજી તરફ ક્રુડ ઓઈલના ભાવમાં ૧૦થી ૧૧ ટકાનો કડાકો બોલાઈ જતાં પેટ્રોલ, ડિઝલનો પુરવઠો જળવાઈ રહેવાના અને વાહનોની ખરીદી ફરી વધવાની અપેક્ષાએ તેમ જ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા સહિતના કોર્પોરેટ પરિણામો પ્રોત્સાહક રહેતાં ફંડોએ ઓટોમોબાઈલ શેરોમાં મોટી તેજી કરી હતી. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો ત્રિમાસિક ચોખ્ખો નફો ૪૧ ટકા વધતાં શેરમાં આકર્ષણે રૂ.૮૮.૩૫ વધીને રૂ.૩૩૦૦ રહ્યો હતો. મધરસન રૂ.૬.૮૦ વધીને રૂ.૧૨૭, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ રૂ.૧૭.૮૦ વધીને રૂ.૩૫૮, અશોક લેલેન્ડ રૂ.૭.૬૦ વધીને રૂ.૧૬૭.૯૦, ઉનો મિન્ડા રૂ.૪૭.૭૦ વધીને રૂ.૧૧૩૪.૫૫, અપોલો ટાયર રૂ.૧૩.૨૦ વધીને રૂ.૪૧૫.૯૦, બજાજ ઓટો રૂ.૨૭૧.૧૫ વધીને રૂ.૧૦,૩૧૪.૬૦, બાલક્રિષ્ન ઈન્ડસ્ટ્રીઝ રૂ.૫૨.૫૦ વધીને રૂ.૨૨૨૭.૨૫, ટીવીએસ મોટર રૂ.૭૯.૮૫ વધીને રૂ.૩૬૧૪.૮૫, મારૂતી સુઝુકી રૂ.૨૯૪.૪૫ વધીને રૂ.૧૩,૭૨૦.૫૫, બોશ રૂ.૭૮૪.૫૦ વધીને રૂ.૩૬,૬૬૮.૯૫ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૧૩૩૭.૯૮ પોઈન્ટ ઉછળીને ૫૯૦૬૧.૯૩ બંધ રહ્યો હતો.

## સોલા સિવિલની OPDમાં એક જ અઠવાડિયામાં 11 હજારથી વધુ દર્દીઓ નોંધાયા

# અમદાવાદમાં કાળઝાળ ગરમીનો કહેર!

■ છેલ્લા એક મહિનામાં ઝાડા-ઉલટીના 143 કેસ નોંધાયા. તાવના કેસોમાં વધારો થતા ડેન્ગ્યુના શંકાસ્પદ 125 સેમ્પલ લેવાયા



અમદાવાદ

અમદાવાદ શહેરમાં કાળઝાળ ગરમીને લઈને જનજીવન પ્રભાવિત થયું છે. ગરમીના સતત વધતા પારાને કારણે લોકો બીમારીની લપેટમાં આવી રહ્યા છે. શહેરની સોલા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક અઠવાડિયામાં જ આઉટપેશન્ટ ડિપાર્ટમેન્ટ (OPD)માં 11,808 દર્દીઓ નોંધાયા છે, જે ગરમીની ગંભીરતા દર્શાવે છે. મળતી માહિતી અનુસાર, આકરી ગરમી અને બફારાને કારણે લોકોમાં ઝાડા-ઉલટી, તાવ, ચક્કર આવવા અને માથાના દુખાવાની ફરિયાદો વધી છે. જેમાં છેલ્લા એક મહિનામાં ઝાડા-ઉલટીના 143 કેસ નોંધાયા. તાવના કેસોમાં વધારો થતા ડેન્ગ્યુના શંકાસ્પદ 125 સેમ્પલ લેવાયા, જેમાંથી 3 પોઝિટિવ આવ્યા. મેલેરિયાના 451 સેમ્પલમાંથી 9 દર્દીઓ પોઝિટિવ જણાયા છે. આ ઉપરાંત સ્વાઈન ફ્લૂનો પણ 1 પોઝિટિવ કેસ નોંધાયો છે.

સોલા સિવિલ હોસ્પિટલના મેડિકલ ઓફિસરના જણાવ્યાનુસાર, છેલ્લા અઠવાડિયામાં અંદાજે 11,000 જેટલા દર્દીઓ સારવાર માટે આવ્યા હતા, જેમાંથી બીમારીની ગંભીરતા જોતા 1,100 દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર આપવી પડી છે. જોકે, રાહતની વાત એ છે કે હજુ સુધી હીટસ્ટ્રોક કે ડીહાઈડ્રેશનના કોઈ ગંભીર કેસ સામે આવ્યા નથી.

ગરમીના વધતા પ્રકોપને પહોંચી વળવા માટે હોસ્પિટલ તંત્ર દ્વારા પૂરતી વ્યવસ્થા કરવાvમાં આવી છે. હોસ્પિટલમાં પૂરતો સ્ટાફ, દવાઓ, ORS ના પેકેટ અને ગરમીને લગતી ઈમરજન્સી માટે સ્પેશિયલ અનામત બેડની સુવિધા ઊભી કરવામાં આવી છે.

હંમેશા પાણી ઉકાળીને પીવું અને બહારનું ખુલ્લું ખાવા-પીવાનું ટાળવું.

બપોરે 12 થી 4 દરમિયાન બને ત્યાં સુધી સીધા તડકામાં બહાર નીકળવું નહીં.

બહાર નીકળતી વખતે મોઢું અને શરીર ઢંકાયેલું રાખવું. આછા રંગના અને સુતરાઉ કપડાં પહેરવા હિતાવહ છે.



જીવના જોખમ વચ્ચે નાગરિકનો આક્ષેપ

## “મારા કે પરિવાર સાથે કંઈ બનશે તો અજય પટેલ જવાબદાર”

અમદાવાદ

શહેરમાં ફરી એકવાર કાયદો અને વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઉભા થયા છે. એક નાગરિકે જાહેરમાં દાવો કર્યો છે કે તેને અને તેના પરિવારને જીવલેણ હુમલાની દહેશત સતાવી રહી છે. અરજદારના જણાવ્યા મુજબ, “અજય પટેલ અને તેની ગેંગ” તરફથી સતત ધમકીઓ મળી રહી છે, જેના કારણે પરિવાર ભયના માહોલમાં જીવન જીવી રહ્યો છે.

અરજદારે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જો કોઈ આકસ્મિક ઘટના, હુમલો કે શંકાસ્પદ પરિસ્થિતિમાં તેના અથવા તેના પરિવારના સભ્યનું મોત થાય, તો તેના માટે અજય પટેલ જવાબદાર ગણવા જોઈએ.

આ મામલે ગઈકાલે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ પણ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. અરજદારે પોલીસ તંત્ર પાસે પોતાની અને પરિવારની સુરક્ષા સુનિશ્ચિત કરવાની માંગ કરી છે.

સ્થાનિકોમાં પણ આ મામલે ચિંતા ફેલાઈ છે. લોકોનો પ્રશ્ન છે કે જો કોઈ વ્યક્તિ ખુલીને જીવના જોખમની વાત કરી રહ્યો હોય, તો પોલીસ અને તંત્ર કેટલી ઝડપથી કાર્યવાહી કરશે?

અસલાલી પોલીસની સફળ કામગીરી

## લગ્નની લાલચ આપી લાખોની છેતરપિંડી કરનાર મહિલા ઝડપાઈ

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્યમાં લગ્નના નામે છેતરપિંડી કરનાર એક મહિલા આરોપીને Ahmedabad Rural Police હેઠળની Aslali Police Station પોલીસે ઝડપી પાડતા ચકચાર મચી ગઈ છે. આરોપી છેલ્લા ચાર મહિનાથી ફરાર હોવાનું જાણવા મળે છે.

આ સમગ્ર કાર્યવાહી અમદાવાદ ગ્રામ્યના પોલીસ મહાનિરીક્ષક Raghvendra Vats અને પોલીસ અધિક્ષક Om Prakash Jatના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી.

અસલાલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર P. S. Chaudharyના સીધા માર્ગદર્શન હેઠળ તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર B. M. Pipaliyaની આગેવાનીમાં ટીમે આ કામગીરી સફળ બનાવી હતી.




પોલીસ તપાસ મુજબ આરોપી Shardaben Babubhai Gamit, રહે. વડોદરા, દ્વારા લગ્નનું વચન આપીને રૂ. 2.25 લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. આ મામલે 03 જાન્યુઆરી 2026ના રોજ ગુનો નોંધાયો હતો.

સર્વેલન્સ સ્ટાફના અ.પો.કો. વિનોદભાઈ મનુભાઈ અને આ.પો.કો. દીપકસિંહ બહાદુરસિંહને હ્યુમન સોર્સ મારફતે મળેલી ચોક્કસ બાતમીના આધારે આરોપીને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ ઓપરેશનમાં પી.એસ. ચૌધરી, બી.એમ. પીપળીયા, ધર્મિષ્ઠાબેન કરશનભાઈ, અનિરુદ્ધ આમદાન, વિનોદભાઈ મનુભાઈ, દીપકસિંહ બહાદુરસિંહ, મહિપાલસિંહ દિલીપસિંહ, દિવ્યરાજસિંહ ગિરવતસિંહ, બલવીરદાન હસદુદાન, હરપાલસિંહ બનેસિંહ અને જીતેન્દ્રકુમાર ચંદ્રકાંત સહિતના પોલીસ કર્મચારીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી. હાલ પોલીસે આરોપીની વધુ પૂછપરછ શરૂ કરી છે અને અન્ય કોઈ લોકો પણ આ ગેંગ સાથે સંકળાયેલા છે કે નહીં તે દિશામાં તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

પોલીસ કમિશનરે જાતે કર્યું નિરીક્ષણ

## નાના ચિલોડા સર્કલ પર ટ્રાફિક જામની સમસ્યાનો અંત આવશે

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા નાના ચિલોડા સર્કલ પર વર્ષોથી ચાલતી ટ્રાફિકની જટિલ સમસ્યાને ઉકેલવા માટે અમદાવાદ ટ્રાફિક પોલીસે એક નવો એક્શન પ્લાન અમલમાં મૂક્યો છે. દરરોજ લાખો વાહનોની અવરજવરથી ધમધમતા આ સર્કલ પર ટ્રાફિકનું ભારણ ઘટાડવા માટે પોલીસ દ્વારા જૂના બે કટ બંધ કરી નવા વૈકલ્પિક માર્ગો શરૂ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, નાના ચિલોડા સર્કલ એ શહેરનું પ્રવેશદ્વાર હોવાથી અહીં વાહનોનું ભારણ અત્યંત વધારે રહે છે. પોલીસના સર્વે મુજબ આ સર્કલ પરથી દરરોજ લાખો વાહનો પસાર થાય છે. આ જંગી દબાણને કારણે સર્જાતા કલાકોના ટ્રાફિક જામમાંથી મુક્તિ અપાવવા માટે પોલીસ મહત્ત્વનું પગલુ ભર્યું છે.

ટ્રાફિક પોલીસે નિષ્ણાતોના અભિપ્રાય બાદ સર્કલની ડિઝાઈનમાં મહત્વના ફેરફારો કર્યા છે. સર્કલ પાસે સીધા અવરોધ ઉભા કરતા બે મુખ્ય કટને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યા છે. વાહનોની સરળતા માટે નરોડા GIDC તરફ જવાના માર્ગ પર અંદાજે 200 મીટર આગળ નવો કટ આપવામાં આવ્યો છે.

ટ્રાફિકની ગંભીર સમસ્યાને હલ કરવા માટે

## AMCની કાર્યવાહી : કાલુપુર ફ્રૂટ માર્કેટ ખાતે માર્ગો પર થયેલા દબાણો દૂર કરી રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા

અમદાવાદ

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં ટ્રાફિકની ગંભીર સમસ્યાને હલ કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા આજે (સાતમી મે) વહેલી સવારથી જ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કાલુપુર ફ્રૂટ માર્કેટ ખાતે માર્ગો પર થયેલા દબાણો દૂર કરી રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર, શહેરના કોટ વિસ્તારમાં અને ખાસ કરીને રેલવે સ્ટેશન નજીક આવેલા કાલુપુર ફ્રૂટ માર્કેટમાં વહેલી સવારથી જ ફળોની હરાજી અને ખરીદ-વેચાણ માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા હોય છે. આ દરમિયાન અનેક વેપારીઓ અને પથારાવાળાઓ દ્વારા જાહેર માર્ગો પર દબાણ કરવામાં આવતું હતું, જેના કારણે કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હતી. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે AMCની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હટાવવાની ઝુંબેશ શરૂ કરી હતી.

AMCના એસ્ટેટ અને એન્ક્રોચમેન્ટ વિભાગની સંયુક્ત ટીમો દ્વારા માર્કેટના મુખ્ય માર્ગો અને જાહેર જગ્યાઓ પર થયેલા અનધિકૃત દબાણોને હટાવવામાં આવ્યા હતા. ફૂટપાથ અને રસ્તા પર



સમયસૂચકતાએ બચાવ્યું કિંમતી જીવન

## નરોડા પોલીસની પ્રસંશનીય કામગીરી : વોટ્સએપ સ્ટેટસ જોઈ 'મોત'ના મુખમાંથી મહિલાને ઉગારી લીધી

અમદાવાદ

ખાખી વર્દી પાછળ છુપાયેલી માનવતાનો એક ઉત્તમ કિસ્સો અમદાવાદના નરોડા વિસ્તારમાં સામે આવ્યો છે. ડિપ્રેશનના કારણે જીવન ટૂંકાવવાનો નિર્ણય લેનાર એક મહિલા માટે નરોડા પોલીસ ’દેવદૂત’ બનીને પહોંચી હતી અને ગણતરીની મિનિટોમાં જ તેમને આપઘાત કરતા અટકાવી દીધા હતા.

વોટ્સએપ સ્ટેટસ અને પોલીસની સક્રિયતા

ઘટનાની વિગત એવી છે કે, નરોડા વિસ્તારમાં રહેતી એક મહિલા માનસિક તણાવમાં હોવાથી તેમણે પોતાના WhatsApp સ્ટેટસમાં આત્મહત્યા કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. આ અંગેની જાણ થતાં જ નરોડા પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ હતી.

સમય ગુમાવ્યા વગર ટેક્નિકલ સહાય લીધી અને મહિલાના મોબાઈલ નંબરના આધારે લોકેશન ટ્રેસ કર્યું હતું.

લોકેશન મળતા જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. સંવાદ અને કાઉન્સેલિંગ: પોલીસે મહિલા સાથે અત્યંત સંવેદનશીલતાથી વાતચીત કરી, તેમને સમજાવ્યા અને યોગ્ય કાઉન્સેલિંગ કરીને જીવનનું મહત્વ સમજાવ્યું હતું. આખરે, મહિલાએ આપઘાતનો વિચાર માંડી વાળ્યો હતો. પોલીસની આ સજાગતા અને માનવતાવાદી અભિગમની ઉચ્ચ અધિકારીઓએ પણ નોંધ લીધી છે. આ માનવ સેવાના ભગીરથ કાર્ય બદલ નરોડા પોલીસ સ્ટેશનના કર્મચારીઓને નાયબ પોલીસ કમિશનર (DCP), ઝોન-૪ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે.

## સાણંદના ઈયાવા પાસેની એક ખાનગી કંપનીમાં ભીષણ આગ

### પ્લાસ્ટિક સ્ક્રેપ-સૂકા ઘાસચારાથી આગ વિકરાળ બની

અમદાવાદ

અમદાવાદના સાણંદમાં વધુ એક આગ લાગવાની ઘટના બની છે. સાણંદના ઈયાવા ગામ નજીક આવેલી ’વિઝન પ્રો કોન’ નામની ખાનગી કંપનીમાં આજે(7 મે) અગમ્ય કારણોસર ભીષણ આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી.

જેમાં કંપનીના ખુલ્લા પ્લોટમાં રાખવામાં આવેલો પ્લાસ્ટિકનો જથ્થો આગની લપેટમાં આવતા ધુમાડાના કાળા ગોટેગોટા આકાશમાં દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, ઈયાવા નજીક આવેલી કંપનીના કમ્પાઉન્ડમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક સ્ક્રેપ અને સૂકો





ઘાસચારો પડેલો હતો. બપોરના સમયે અચાનક કોઈ કારણસર આગ લાગી હતી. પ્લાસ્ટિક જ્વલનશીલ હોવાને કારણે આગ જોતજોતામાં પ્રસરી ગઈ હતી. આગની જ્વાળાઓ ઉંચે ઉઠતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સાણંદ ફાયરની ટીમ તાત્કાલિક હરકતમાં આવી હતી. ફાયરની એક વાન ઘટનાસ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

અમદાવાદમાં ખાખીને શર્મશાર કરતી ઘટના બની

## હોટલમાં રૂમ ન મળતા પોલીસકર્મી બન્યો 'ગુંડો', યુવકને વાળ પકડી લાફા ઝીંક્યા, વીડિયો વાયરલ

અમદાવાદ

શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જેમના શિરે જવાબદારી છે, તેવા પોલીસકર્મીઓ જ જ્યારે રક્ષકને બદલે ભક્ષક બને ત્યારે જનતા કોની પાસે જાય? અમદાવાદમાં પોલીસની ગુંડાગીરીનો એક શરમજનક વીડિયો સોશિયલ મીડિયામાં વાયુવેગે વાયરલ થયો છે. જેમાં એક પોલીસકર્મી સામાન્ય નાગરિક પર દાદાગીરી કરી તેને ઢોર માર મારતો નજરે પડે છે.

વાયરલ વીડિયો મુજબ, ઘટના એક હોટલની હોવાનું મનાય છે. મળતી માહિતી અનુસાર:

પોલીસકર્મી હોટલમાં રૂમની માંગણી



કરવા પહોંચ્યો હતો. જોકે, હોટલમાં રૂમ ખાલી ન હોવાથી ત્યાં હાજર યુવકે રૂમ આપવાની અસમર્થતા દર્શાવી હતી.

રૂમ ન મળતા કાયદાના રક્ષકે ભાન ભૂલીને ગુંડા જેવું વર્તન શરૂ કર્યું હતું. વીડિયોમાં જોઈ શકાય છે કે પોલીસકર્મીએ યુવકના વાળ ખેંચ્યા હતા અને તેને બેરહેમીથી લાફા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું.

હોટલમાં લાગેલા સીસીટીવી અથવા હાજર લોકોના મોબાઈલમાં આ સમગ્ર કરતૂત કેદ થઈ ગઈ હતી. વીડિયોમાં પોલીસકર્મીનો રૂઆબ અને સામાન્ય યુવકની લાચારી સ્પષ્ટ દેખાય છે. ’ખાખી’નો રોફ બતાવીને સામાન્ય નાગરિકને અપમાનિત કરતો આ વીડિયો વાયરલ થતા જ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સવાલ ઉઠે છે: શું ખાખીને કાયદો હાથમાં લેવાની છૂટ છે?

આ ઘટના બાદ અનેક સવાલો ઉભા થયા છે:

1. શું પોલીસ હોવાથી કોઈ પણ નાગરિક પર હાથ ઉપાડવાનો અધિકાર મળી જાય છે?

2. સામાન્ય જનતાની સુરક્ષા માટે નિમાયેલા પોલીસકર્મીઓ જ જો ગુંડાગીરી કરશે, તો લોકોનો પોલીસ પરથી વિશ્વાસ કેમ ન ડગે?

3. ઉચ્ચ અધિકારીઓ આ ’ગુંડા’ પોલીસકર્મી સામે કડક પગલાં ભરીને દાખલો બેસાડશે?

સોશિયલ મીડિયા પર લોકો આ વીડિયો શેર કરી રહ્યા છે અને પોલીસ કમિશનર પાસે માંગ કરી રહ્યા છે કે આવા પોલીસકર્મીને તાત્કાલિક સસ્પેન્ડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. વડોદરા કે સુરતની જેમ હવે અમદાવાદમાં પણ પોલીસની આવી વર્તણૂક ચિંતાનો વિષય બની છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**


Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI